# ગૃહસ્થમાં પ્રવેશ કરતા પહેલાં એની જવાબદારી સમજો



# ગૃહસ્થમાં પ્રવેશ કરતાં પહેલાં એની જવાબદારી સમજો

લેખક
પંડિત શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :
**યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ**
**ગાયત્રી તપોભૂમિ, મથુરા.**
ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન :
શાખા અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

**સુધારેલી આવૃત્તિ-૨૦૧૩** કિંમત : ૯-૦૦

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧. | ગૃહસ્થજીવન માટે પૂર્વ તૈયારી જરૂરી છે | ૧ |
| ૨. | દાંપત્યજીવનની અસફળતાનાં મૂળ કારણ | ૯ |
| ૩. | દાંપત્યજીવનને નરક બનતા બચાવો | ૧૬ |
| ૪. | દાંપત્યજીવન સફળ કેવી રીતે બને? | ૨૦ |
| ૫. | ગૃહસ્થની સફળતા ગાઢ આત્મીયતા પર આધાર રાખે છે | ૩૧ |


---

લગ્નજીવન ફક્ત સુખની પથારી નથી, તે કાંટાળો પથ પણ છે.
એમાં સુખદુ:ખની તડકીછાંયડી આવતી જતી રહે છે. આ
પતિપત્ની માટે પરીક્ષાનો સમય હોય છે.
લગ્નજીવનની સફળતા માટે
લગ્ન પહેલાં જ શારીરિક,
માનસિક અને બૌદ્ધિક
રૂપથી તૈયાર રહેવું
વધુ સારું છે.


મુદ્રક
યુગ નિર્માણ યોજના પ્રેસ,
ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

# ગૃહસ્થજીવન માટે પૂર્વ તૈયારી જરૂરી છે

પશ્ચિમના દેશોમાં લગ્ન થતા પહેલાં યુવક અને યુવતીઓને યૌન સંબંધી જાણકારી આપવાની વાત જરૂરી માનવામાં આવે છે. આપણે ત્યાં આ વિષયને ગુપ્ત માનીને બાળકોને કશું બતાવવામાં આવતું નથી. એવું માનવામાં આવે છે કે બાળકો મોટાં થાય પછી જ આ જ્ઞાન આપવું જોઈએ. આ વાતને યોગ્ય માનીએ તો પણ આ મત એકાંગી સાબિત થાય છે. સૌથી વધારે મહત્ત્વનું તો એ છે કે એમને વૈવાહિક જવાબદારીઓ, લગ્નનું મહત્ત્વ અને એની સફળતાંનાં રહસ્યો બતાવવામાં આવે. એનું ભાન ન હોવાના કારણે તેઓ લગ્ન પછીના જીવનની એક સુંદર તસવીર બનાવે છે અને જ્યારે જીવનની વાસ્તવિકતા સાથે અથડાય છે ત્યારે એ તસ્વીરના ટુકડે ટુકડા થઈ જાય છે અને તેઓ પોતે પણ તૂટી જાય છે. એવી કાલ્પનિક તસ્વીર ન બનાવે તો પણ તેઓ શારીરિક અને માનસિક રૂપથી એ વાતો માટે તૈયાર નથી રહેતા કે જે એમની સામે આવે છે. લગ્ન જેવી મહત્ત્વની જવાબદારી અને વ્યવસ્થાનો લાભ તેઓ ઉઠાવી શકતા નથી અને સમાજને તથા કુટુંબને પણ એનો લાભ આપી શકતા નથી.

આજ સુધી મોટા ભાગનાં માતાપિતા લગ્નને જરૂરી માને છે, છોકરા-છોકરીઓના હાથ પીળા કરીને ગંગાસ્નાન કરવાની વાત તો વિચારે છે, પરંતુ જ્યારે બાળકો લગ્ન પછીના જીવનનો ભાર ઉઠાવી શકતાં નથી ત્યારે એમનું ગંગાસ્નાન કેટલું અધૂરું રહી જાય છે? લગ્નની અનિવાર્યતા સ્વીકારવાની સાથે જ એની સફળતા માટે બાળકોને શારીરિક, માનસિક અને બૌદ્ધિક રૂપથી પણ તૈયાર કરવાં જરૂરી છે.

આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં છોકરીઓ માટે જીવનસાથીની પસંદગી મોટા ભાગે માતાપિતા જ કરતાં હતાં. હવે સ્થિતિ બદલાઈ રહી છે. માતાપિતા આ વિષયમાં કન્યાની પસંદગીનું ધ્યાન રાખવા લાગ્યાં છે. હવે તો એવાં પણ ઉદાહરણ જોવા મળે છે કે છોકરો-છોકરી માતાપિતાની ઈચ્છા વિરુદ્ધ પ્રેમલગ્ન કરી લે છે. લગ્નસૂત્રમાં ગમે તે રીતે બંધાયા હોય પણ પહેલાં છોકરા છોકરી માટે એના મહત્ત્વનું જ્ઞાન, સફળતાની માહિતી

હોવી જરૂરી છે.

લગ્નના સંબંધમાં માતાપિતા પુત્ર-પુત્રીઓ પર દબાણ કરે તો એ એક અન્યાય કહેવાય, પરંતુ પોતાની કાચી બુદ્ધિના સહારે પોતાનો જીવન-સાથી પસંદ કરવાની છૂટ પણ ન આપવી જોઈએ. હા, પુત્ર-પુત્રીના મનની પસંદગી જાણવી જોઈએ અને સાથે સાથે માતાપિતાએ પોતાના જ્ઞાન અને અનુભવોનો પણ ઉપયોગ કરવો જોઈએ.

લગ્ન જરૂરી છે, પરંતુ દરેક માટે અનિવાર્ય નથી. સાથે જ લગ્નની એક ઉંમર, એક સ્થિતિ હોય છે. ઉંમર અને સ્થિતિને ધ્યાનમાં રાખ્યા વગર કરવામાં આવલો લગ્ન સંબંધ સુખદાયી નથી હોતો. શારીરિક દષ્ટિથી રોગી અને માનસિક દષ્ટિથી અવિકસિત પુત્રનાં લગ્ન કરીને માતાપિતાએ કોઈ કન્યાનું જીવન બગાડવું જોઈએ નહીં. પોતાનો પુત્ર પોતાના પગ પર ઊભો રહી શકે અને પત્ની તથા કુટુંબનો ભાર ઉઠાવી શકે તો જ એના લગ્નની વાત વિચારવી જોઈએ. જે યુવક-યુવતીઓ માતાપિતાની ઈચ્છા વિરુદ્ધ લગ્ન કરે છે એમણે પણ આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. શક્ય હોય ત્યાં સુધી માતાપિતાની સંમતિ લેવી જોઈએ. માતાપિતા જૂના રિવાજોને વળગી રહે તો અસ્વીકાર કરવો જોઈએ. છોકરાછોકરીને વૈવાહિક જીવનની તડકી-છાંયડીનું ભાન હોય તો માતાપિતાની ઈચ્છાને મહત્ત્વ વગરની પણ માની શકાય છે.

ગામડામાં અને અભણ સમાજમાં માતાપિતા છોકરાછોકરીઓની ઉંમર, શારીરિક શક્તિ, કમાવાની શક્તિ, ભાવિ જીવનના સંઘર્ષો અને સુખોનું જ્ઞાન વગેરેનું ધ્યાન રાખ્યા વગર જ એમને લગ્નના બંધનમાં બાંધી દે છે. આ બહુ ખરાબ બાબત છે. સંતાન સાથે બહુ મોટો અન્યાય અને સમાજ તથા દેશને કરવામાં આવેલો દગો છે. શરીર, મન અને બુદ્ધિથી સમર્થ થયા પછી જ બાળકોના લગ્નની વાત વિચારવી જોઈએ. બાળલગ્નના કુરિવાજે આપણા દેશને જે નુકસાન પહોંચાડ્યું છે એ આજે આપણે ભોગવી રહ્યા છીએ.

બાળકોને સ્કૂલોમાં પત્ર-પત્રિકાઓ દ્વારા લગ્ન થયા પછી એમના

ખભા પર આવનાર જવાબદારી અને મળનારું સુખ, દાંપત્યજીવનની સફળતાઓનાં સૂત્ર, અનુભવ, સાવધાની, ઝઘડાથી બચવા માટે શું કરવું વગેરે જાણકારી આપવી જોઈએ. જેમના વાલી નથી અથવા જે સ્વેચ્છાથી પોતાનો જીવનસાથી પસંદ કરવા માગે છે એમણે પણ પુસ્તકો, પત્રિકાઓ, પોતાના મિત્રોના અનુભવ કે પડોસમાં રહેતા ગૃહસ્થોના જીવનનું નિરીક્ષણ કરીને એના પર મનન-ચિંતન કરીને લગ્ન થતા પહેલાં એની માનસિક તૈયારી કરી લેવી જોઈએ.

કૌટુંબિક સુખ મેળવવાનાં રહસ્યોનું જ્ઞાન કરાવવા માટે આજકાલ જે પુસ્તકો વેચાય છે એમાં કોઈ સાર હોતો નથી. બહુ બહુ તો કામવાસનાનો જ મસાલો ભરેલો હોય છે. આ પુસ્તકોમાંથી માહિતી બહુ ઓછી મળે છે.તે વાસના તથા ઉત્તેજના વધારે છે. એનાથી હંમેશાં બચવું જ જોઈએ. કામવાસના દાંપત્યજીવનનો આધાર નથી. આ તો એનું એક સામાન્ય અંગ છે.

યુવક-યુવતીઓ પાસે ઉચ્ચ ડિગ્રીઓ હોય, છતાં પણ તે જીવનના અનુભવોમાં લગભગ કોરા કાગળ જેવાં જ હોય છે. લગ્ન કરતાં પહેલાં એમણે જાણી લેવું જોઈએ કે પોતાના જીવનસાથી સાથે એમને કેવો વ્યવહાર કરવાનો છે. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે માતાપિતા દ્વારા બંધાયેલા સંબંધોને સ્વીકારીને લગ્ન કરનારાં પતિપત્ની પોતાના દાંપત્યજીવનમાં સફળ રહે છે અને સ્વેચ્છાથી પ્રેમલગ્ન કરનારાં દંપતીઓમાં આગળ જતાં ખટપટ થાય છે છુટાછેડા સુધી વાત પહોંચી જાય છે. એનાથી સ્પષ્ટ થઈ જાય છે કે સાથીની પસંદગી કરતાં વૈવાહિક જીવન પ્રત્યેનો સ્વસ્થ દૃષ્ટિકોણ જ સફળતાનું મુખ્ય કારણ છે.

લગ્ન કરનારે એ જાણી લેવું જોઈએ કે લગ્ન કર્યા પછી એમને ઘણું બધું આપવું પડે છે. પત્નીનો સ્નેહ, પ્રેમ, અનુરાગ, સેવા, સહયોગ, સંરક્ષણ વગેરે મેળવવા માટે સ્વયં પતિએ પણ પત્નીને વિશ્વાસ, સંરક્ષણ, સહયોગ, સ્નેહ, સદ્‌ભાવ વગેરે આપવાં પડે છે. જ્યાં સાથી પાસે અનેક અપેક્ષાઓ રાખવામાં આવે અને પોતાના તરફથી આપવા માટે કાંઈ ન હોય ત્યાં વૈવાહિક

જીવન કડવું અને નીરસ બની જાય છે. કંઈક મેળવવાની અપેક્ષા રાખ્યા વગર આપવાની નીતિ અપનાવવામાં આવે તો દામ્પત્ય જીવનમાં મધુરતાનો પ્રવાહ આપમેળે વહેવા માંડે છે.

વૈવાહિક જીવન ફક્ત સુખની પથારી નથી, તે કાંટાળો રસ્તો પણ છે. એમાં સુખદુઃખની તડકીછાંયડી આવતી રહે છે. એવા સમયે પતિ-પત્નીની પરીક્ષા થાય છે. લગ્ન થતા પહેલાં જ એની કલ્પના કરી લેવી અને માનસિક દૃષ્ટિથી તૈયાર રહેવું જોઈએ. મુશ્કેલીના સમયમાં જે પતિપત્ની એકબીજાને સાથ આપશે તો એમની દાંપત્યનૌકા ડગશે નહીં અને જો એવા સમયમાં તેઓ એક બીજાને દોષ દેશે તો શક્ય છે કે એમની નૈયા ડૂબી પણ જાય.

લગ્ન પછી સામાન્ય રૂપથી કમાવાની જવાબદારી પતિ પર આવે છે અને ઘર સંભાળવાની જવાબદારી પત્ની પર આવે છે. માતાપિતા સાથે રહેતાં અથવા એકલાં રહેતાં યુવક-યુવતીઓને એ સમયે પેદા થતી મુશ્કેલીઓનું જ્ઞાન નથી હોતું. જ્યારે લગ્ન પછી એમને વાસ્તવિકતાની ખબર પડે છે ત્યારે લગ્નની જાળમાં ફસાઈ ગયા હોય એવું લાગે છે, કારણ કે એમણે માનસિક તૈયારી કરી હોતી નથી.

કોઈપણ મનુષ્ય પૂર્ણ હોતો નથી. એનામાં કંઈકને કંઈક દોષ હોય છે. લગ્ન થતા પહેલાં પોતાના જીવનસાથીના વિષયમાં તે આવો હશે, આવું કરશે, આવું બોલશે, હસશે, ત્યાગ કરશે વગેરે વાતો વિચારવાની સાથે જ એના માટે પણ તૈયાર રહેવું જોઈએ કે જો એનામાં આપણે કલ્પના કરી હતી એવા ગુણ ન હોય તો એને વિકસિત કરવાનો પ્રયત્ન કરીશું.

લગ્ન પછી સંયમ, ત્યાગ, બલિદાન વગેરેની ભૂમિકાઓ શરૂ થાય છે. લગ્ન પછીના જીવનમાં શરીરનો, ધનનો કે કામનાઓનો અસંયમ દુઃખદ જ હોય છે, પરંતુ જુવાનીની રંગીન પાંખો ઊગવાથી આ ઉંમરમાં વ્યક્તિ આકાશ સાથે વાતો કરવા માંડે છે, પરંતુ ખરેખર તો લગ્નજીવનમાં સંયમ હોવો જરૂરી છે. વધારે સુંદર પત્ની કે સર્વ ગુણસંપન્ન પુરુષની કલ્પના આવી જ હોય છે, દાંપત્યજીવનની સફળતાનો આધાર પત્નીના શારીરિક સૌંદર્ય

પર નહીં, પણ માનસિક, બૌદ્ધિક અને આત્મિક સૌંદર્ય પર અને પતિના વિવેક, સૂઝબૂઝ તથા ધૈર્ય પર રહેલો છે. માટે વડીલોએ યુવક-યુવતીઓને આ સંબંધમાં પૂરી જાણકારી આપવી જોઈએ.

લગ્ન માટે ઉંમરની પાકટતા જ પૂરતી નથી, પરંતુ એના માટે સંતુલિત દૃષ્ટિકોણ વિકસેલો હોવો જરૂરી છે. જુદા જુદા સ્વભાવની વ્યક્તિ જિંદગીભર એક સૂત્રમાં બંધાઈને રહે છે ત્યારે એમાં સુખદ પ્રસંગ પણ આવે છે અને દુઃખદ પ્રસંગ પણ આવે છે. સારા દિવસો પણ આવે છે અને ખરાબ દિવસો પણ આવે છે. આ બધાંનો ધીરજ સાથે સ્વીકાર કરીને લગ્નધર્મનું પાલન કરવાની શક્તિ લગ્ન કર્યા પછી જ મળે છે, પરંતુ એની પૂર્વ જાણકારી હોવી બહુ જ જરૂરી છે.

લગ્ન ફક્ત કામતૃપ્તિનું સાધન નથી. આ તો ધર્મ છે. જો ધર્મ સમજીને લગ્ન કરવામાં આવે તો એમણે એકબીજા પર અધિકાર સ્થાપવાની વાત વિચારવી જોઈએ નહિ. નિકટતા તથા સહયોગ મળવાની ભાવના રાખવી સારી છે. આ જવાબદારી એકલી વ્યક્તિ ઉઠાવી શકતી નથી. એટલા માટે બે સાથી ભેગા મળીને ઉઠાવે છે, જેથી જીવન નીરસ ન બને.

જ્યાં સુધી મનુષ્ય એક્લો રહે છે ત્યાં સુધી તે અધૂરો રહે છે. એનું જીવન સ્વાર્થનાં કાર્યોમાં વીતે છે. બાળપણમાં નૈતિક જીવનના જે સંસ્કાર પડે છે એનો વિકાસ ગૃહસ્થજીવનમાં થાય છે. પ્રેમ અને નિષ્ઠા, તપ અને ત્યાગ, શ્રમ અને પાલન, શીલ અને સહિષ્ણુતા વગેરે સદ્ગુણોનો પૂર્ણ વિકાસ ગૃહસ્થજીવનમાં જ થાય છે. ગૃહસ્થજીવન મનુષ્યનું વિદ્યાલય છે અને લગ્ન એનો પ્રવેશ. જે રીતે શિક્ષણનો પાયો વિદ્યાર્થી માટે મહત્ત્વનો છે એ રીતે ગૃહસ્થજીવનની સરસતા માટે લગ્નની પરંપરા પણ મહત્ત્વની છે. આ ઉદ્દેશ્યની યાદ અપાવવા માટે વેદમાં પાણિગૃહીત પુરુષ પાસે કહેવડાવ્યું છે-

**ગૃહ્ણામિ તે સૌભગત્વાય હસ્તંમયાપત્યા જરદષ્ટિર્યથાસઃ ।**
**ભગોઽર્યમા સવિતા પુરન્ધિર્મહ્યંત્વાદુર્ગાર્હ પત્યાઃ દેવાઃ॥**

હે પ્રિયતમા! જીવનના પુણ્ય પર્વ પર હું દેવતાઓની સાક્ષીમાં તારો

હાથ મારા હાથમાં લઉં છું. હે સુહાગણ! તું ચિરકાળ સુધી જીવનસાથી બનીને મારી સાથે રહે. હું મારી ગૃહસ્થીનું સંચાલન તારા હાથમાં સોંપું છું.

સાચે જ એ સમય કેટલો સુખદ હોય છે કે જ્યારે મનુષ્ય દેવતાઓની સાક્ષીમાં ઉપરોક્ત વ્રત ધારણ કરે છે! મનુષ્યનું એકલાપણું, એની ઉદાસીનતા દૂર થાય છે અને એક નવું જીવન શરૂ થાય છે. એમાં તે પોતાના જીવન-ધ્યેયની પ્રાપ્તિ માટે બધાં સાધન મેળવી લે છે.

એ દિવસે મનુષ્યનું ક્ષેત્ર વહેંચાય છે. પુરુષના ભાગે કમાણી અને ભરણપોષણનાં સાત્ત્વિક કર્મો આવે છે અને સ્ત્રી ઘર સંભાળે છે. આ કાર્યોમાં વિવેક, સત્યનિષ્ઠા અને સદ્‌વિચાર હોય તો જ ગૃહસ્થજીવન સફળ થાય છે. નથી. આપણા સિદ્ધાંત એવા છે, જેમાં લગ્ન અગ્નિપરીક્ષાની શરૂઆત છે. એટલે એના પર ગંભીરતાથી વિચાર કરવાથી જ ગૃહસ્થજીવન સાર્થક બની શકે છે.

ત્યાગ અને તપસ્યાની આ ભૂમિકા પણ સુખદાયક છે. મનુષ્ય જો લગ્ન સમયે કરેલા સંકલ્પોનું પાલન કરતો રહે તો સાચે જ ઘરમાં સ્વર્ગ જેવું વાતાવરણ પેદા કરી શકે છે. પત્ની સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ હોય છે. આ લક્ષ્મીના અભાવમાં મનુષ્યનું જીવન નીરસ અને નિષ્પ્રાણ બની જાય છે.

''તમે લક્ષ્મી છો, હું તમારા વગર ગરીબ હતો. સાચે જ તમારા વગર એ જીવનમાં કંઈ પણ સુખ નહોતું. પ્રિયા ! આપણું મિલન સામ અને એની ઋચા, ધરતી અને આકાશ જેવું છે.''

ઉપરોક્ત શબ્દોમાં સૃષ્ટાએ લગ્નની સૌથી મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા કરી છે. લગ્નનો પ્રશ્ન કોઈ વ્યક્તિનો નહીં, પણ તે આખા સમાજ સાથે સંકળાયેલ છે. એટલા માટે વ્યક્તિ અને સમાજના હિતનો વિચાર કર્યા વગર કરવામાં આવેલાં લગ્ન દોષયુક્ત માનવાં જોઈએ.

સુખ મેળવવાની ઇચ્છા ફક્ત ભોગવિલાસથી પૂરી નથી થતી. મનુષ્યતાનો વિકાસ ભોગથી નહીં, પણ સંયમથી થાય છે. એટલા માટે લગ્નનો હેતુ ભોગની ઇચ્છા પૂરી કરવાનો નથી. દેશની સંપત્તિરૂપ શ્રેષ્ઠ નાગરિકોને જન્મ આપવા માટે નિયમિત જીવનની જે શરત મૂકવામાં આવી

છે. એટલે લગ્નનો હેતુ ભોગવિલાસ કદાપિ હોઈ શકે નહીં. લગ્ન એક સંકલ્પ છે, દેશના ભાવિ બળ, સત્તા અને સન્માનને જાગૃત રાખવા માટે લગ્ન કરવામાં આવે છે.

શાસ્ત્ર કહે છે-

તાવેહિ વિવહાવ સહરેતી દધાવ હૈ।
પ્રજા પ્રજનયાવહે પુત્રાન્ વિન્દાવહે પહક।।

અર્થાત્- લગ્નનો હેતુ પરસ્પર પ્રેમથી રહીને દેશને સુસંતતિ આપવાનો છે. એવી પરંપરાને જીવિત રાખવા માટે જ પાણિગ્રહણને સંસ્કારનું રૂપ આપવામાં આવ્યું છે, પરંતુ આજે જે પદ્ધતિ અપનાવવામાં આવે છે એનાથી કોઈ ઉદ્દેશ પૂરો થતો નથી. બાળલગ્નની પ્રથાથી તો એનાથી પણ વધારે નુકસાન થાય છે. નાનાં બાળકોને લગ્નના મહત્ત્વનું ભાન પણ નથી હોતું. પરિણામે અનેક પ્રકારના કુરિવાજો અને અનૈતિકતાઓ વધે છે.

પ્રેમલગ્નની આધુનિક પરંપરા પણ ઉદ્દેશપૂર્ણ નથી. આ આવેશનું થોડા દિવસ પછી બહુ ભયાનક પરિણામ આવે છે. અસફળ જીવન અને છૂટાછેડાના મોટા ભાગના પ્રસંગ પ્રેમલગ્નોમાં જ જોવા મળે છે. એવાં લગ્ન ચંચળતા અને ઉચ્છૃંખલતા પર આધારિત હોય છે. આજીવિકા કે મતભેદની પરિસ્થિતિ ઊભી થતાં જ મનુષ્યને એવો બરબાદ કરી મૂકે છે કે એમની બધી શારીરિક અને માનસિક શક્તિઓ નાશ પામે છે.

એવાં લગ્ન ફક્ત આકર્ષણથી થાય છે. પ્રેમને આકર્ષણ કહી શકાય નહીં. આ દૃષ્ટિથી એને આકર્ષણ વિવાહ કહીએ તો ખોટું નથી. આ આકર્ષણ સૌંદર્ય કે ધન માટે હોય છે. એમાં સ્થિરતા નથી હોતી. એટલા માટે એવાં લગ્નોનો રિવાજ આપણા સમાજ માટે ઘાતક છે.

કજોડાં, બાળલગ્ન, આકર્ષણ લગ્નોની પદ્ધતિ ભારતીય નથી. એને સામાજિક અભિશાપ જ કહી શકાય છે. એનાથી લગ્નની પવિત્રતા અને સંકલ્પ પૂરાં થતાં નથી. આ બધી તકલીફ દેશ, કાળ, પરિસ્થિતિ અને બહારની સંસ્કૃતિનો પ્રવેશ થવાને લીધે ઉત્પન્ન થઈ છે. એટલા માટે પરિવર્તન થવું જરૂરી છે.

ભારતીય લગ્નપદ્ધતિમાં વ્યક્તિ અને સમાજના સ્વાસ્થ્ય, બળ, શારીરિક-બૌદ્ધિક અને માનસિક ઉન્નતિ, મનુષ્યજાતિની સ્ફૂર્તિ, એકતા, તેજસ્વિતા, પ્રસન્નતા અને ચિરસ્થાયી સુખનો વિચાર કરવામાં આવે છે. આપણે નવી હોય કે જૂની કોઈપણ લગ્નપદ્ધતિને વિવેકની કસોટી પર કસ્યા પછી જ સ્વીકારવી જોઈએ.

જેનાથી ઇન્દ્રિયલાલસા અને ભોગવિલાસ મર્યાદિત રહે, ભાવોમાં શુદ્ધિ રહે એ સફળ વૈવાહિક પરંપરા છે. મનુષ્ય સંયમ અને ત્યાગ તરફ આગળ વધવો જોઈએ. લગ્નનો સાચો દષ્ટિકોણ આ છે. સંતાનની ઉત્પત્તિથી વંશ રક્ષા, પ્રેમની પૂર્ણતા, કૌટુંબિક સરસતા અને ઉલ્લાસ દ્વારા ગૃહસ્થજીવનની પવિત્રતા, બીજાના હિત માટે ત્યાગમય જીવનનો અભ્યાસ અને અંતમાં જીવનસિદ્ધિ જ લગ્નનો પવિત્ર ઉદ્દેશ હોવો જોઈએ.

હિન્દુ લગ્નોની વૈદિક પરંપરા પૂરેપૂરી વૈજ્ઞાનિક હતી. એમાં આજની જેમ સ્ત્રીપુરુષનો ભેદભાવ કરવામાં આવતો નહોતો. પુરુષને વધારે શ્રેષ્ઠ અને સ્ત્રીને અપવિત્ર માનવી એ આ યુગનું સૌથી મોટું દૂષણ છે. અહીંયાં પત્નીને સમાન માનવામાં આવી છે. એમાં એકને મુખ્ય અને બીજાને ગૌણ માનવાની નીતિ અજ્ઞાની લોકોએ ચલાવી છે. સ્ત્રીપુરુષનો સંયોગ જ કૌટુંબિક વિકાસનું મૂળ છે. ભેદભાવની પરંપરા અસામાજિક છે. એને દૂર કરવી જોઈએ.

"આપણે સુંદર બનીને પરસ્પર પ્રેમથી જીવન જીવીએ. આપણી ભાવનાઓ મંગલમય બને. આપણે સો વર્ષ જીવીએ અને સો વર્ષ સુધી વસંતનો મધુર રાગ સાંભળીએ." નીતિકારે ઉપરોક્ત વચનોમાં સ્પષ્ટ કરી દીધું છે કે સુખી જીવનનો આધાર સ્ત્રીપુરુષોની એકતા, આત્મીયતા અને પ્રેમ- ભાવના પર રહેલો છે.

ગૃહસ્થજીવનમાં પ્રવેશ કરતા પહેલાં લગ્નના આ મહત્ત્વને તથા લગ્ન પછી આવનારી નવી નવી જવાબદારીઓને સારી રીતે સમજવી જરૂરી છે. આ પૂર્વ તૈયારી કર્યા વગર લગ્ન કરનારનું દાંપત્યજીવન બહુ મુશ્કેલીથી સફળ થાય છે.

# દાંપત્યજીવનની અસફળતાનાં મૂળ કારણ

કૌટુંબિક, સામાજિક, વ્યક્તિગત બધા પ્રકારની ઉન્નતિ અને વિકાસ દાંપત્યજીવન પર આધારિત છે. પતિપત્ની બંને ભેગાં મળીને સહયોગ, એકતા, ત્યાગ, સેવા વગેરેથી દાંપત્યજીવનને સુખદ બનાવી શકે છે. એનાથી મનુષ્યના આંતરિક અને બાહ્યજીવનના વિકાસમાં બહુ મોટી મદદ મળે છે. સ્વસ્થ, સંતુલિત, સુંદર દાંપત્યજીવન સ્વર્ગની નીસરણી છે અને માનવ-વિકાસનો પ્રેરણાસ્રોત છે.

જીવનની લાંબી યાત્રા પૂરી કરવા માટે પતિપત્નીનો સંયોગ યાત્રાને સરળ બનાવી દે છે. નારી શક્તિ છે, તો પુરુષ પૌરુષ છે. પૌરુષ વગરની શક્તિ નકામી છે, તો શક્તિ વગરના પૌરુષનું કોઈ મહત્ત્વ નથી. તે અપંગ છે. નવ નિર્માણ માટે શક્તિ અને પૌરુષનો સંયોગ અને એકતા હોવાં જરૂરી છે. એમની પરસ્પર અસમાનતા જ નુકસાનપતનનું કારણ બની જાય છે. પતિ-પત્નીમાં જો સ્વાર્થ, દોષ અને સ્વેચ્છાની આગ સળગી જશે તો, દાંપત્યજીવનનું સૌંદર્ય, વિકાસ અને પ્રગતિ નાશ પામશે.

પતિપત્ની સંસારના રસ્તા પર ચાલનારા રથનાં બે પૈડાં છે. એમાં એકની સ્થિતિ પર બંનેની ગતિ અને પ્રગતિનો આધાર રહેલો છે. બંને જેટલાં યોગ્ય હશે એટલું જ દાંપત્યજીવન સુખદ, સ્વર્ગ જેવું અને પ્રગતિશીલ બનશે. બંનેમાંથી એક પણ અયોગ્ય, અશક્ત હશે, તો દાંપત્યજીવનનો રથ ડગવા માંડશે અને શું ખબર તે ક્યાં નાશ પામે અથવા માર્ગમાં ક્યાં અટકી જશે? એનાથી પતિપત્ની તથા કુટુંબ અને સમાજના જીવનમાં પણ ગરબડ ઊભી થશે, કારણ કે દાંપત્યજીવન પર જ કુંટુબની ઈમારત ઊભી હોય છે અને કુટુંબો ભેગાં મળે ત્યારે સમાજ બને છે. એટલા માટે પતિપત્નીની પસંદગી એક મહત્ત્વપૂર્ણ તથ્ય છે.

મોટા ભાગે છોકરા-છોકરીઓનો સંબંધ એમનાં માબાપ જ નક્કી કરે છે. વર પક્ષવાળાંએ ગોરી, સુંદર છોકરી અને ધનવાન કુટુંબ જોયું,

છોકરીનાં માબાપે ભણેલો ગણેલો સુંદર છોકરો જોયો અને સંબંધ નક્કી કરી લીધો. ધૂમધડાકા સાથે લગ્ન લેવાય છે. ખર્ચ, જમણવાર, બેન્ડવાજાં બધું હોય છે, પરંતુ લગ્ન પછી વર્ષ પણ પૂરું થતું નથી અને પતિપત્નીમાં લડાઈ-ઝઘડા, મતભેદ, ઘૃણા-દ્વેષનું ઝેર ફેલાય છે. આ વાતની ઘરવાળાંને ખબર પડે એટલે બધાં વહુને મેણાં મારે છે. છોકરીનાં માબાપના કાને વાત પહોંચે છે ત્યારે તેઓ નિરાશ થઈને કહે છે આટલા બધા પૈસા પાણીની જેમ વાપરીને છોકરીને કૂવામાં ફેંકી દીધી. બંને કુટુંબ દુઃખ, કલેશ, ચિંતા તથા શોકના અડ્ડા બની જાય છે. દંપતી મનમાં ને મનમાં પોતાના દુર્ભાગ્ય પર રડે છે. એમનાં સ્વપ્નોનો મહેલ પળવારમાં તૂટી પડે છે. પતિપત્નીના સ્વભાવ, ગુણ કે કર્મના આધાર પર પસંદગી ન કરવી, કજોડાં કરવાં એજ એનું મુખ્ય કારણ છે. દહીં અને દૂધને એક જગ્યાએ મેળવીને રાખવાથી ગરબડ થશે. આગ અને દારૂગોળાને એક સાથે રાખવાથી વિનાશ જ થાય છે.

એક યુવાન પોતાના માબાપનો એકનો એક પુત્ર હતો. બાળપણથી જ એની રુચિ આધ્યાત્મિક અને ધાર્મિક હતી.ભણતર ઉપરાંત બાકીના સમયનો ઉપયોગ ચિંતન-મનન, સાધના વગેરેમાં કરતો હતો. સ્વભાવથી સીધો-સાદો, સંતોષી અને ઉદાર હતો. ઉંમરલાયક થતાં અનેક છોકરીવાળા જોવા આવ્યા. માતાપિતાએ સારું ઘર જોઈને સંબંધ નક્કી કર્યો. ઘરમાં વહુ આવી તે નીકળી એકદમ આધુનિક. ખાવું-પીવું, મોજમજા કરવી, દરરોજ નવાં નવાં ઘરેણાં-કપડાંની માગણી કરવી એ એના સ્વભાવની વિશેષતાઓ હતી. પતિદેવ અધ્યાપક હતા અને ઉપરથી પાછી આધ્યાત્મિક વિચારધારા. પત્ની પોતાની ઇચ્છા પૂરી ન થતાં કંકાસ કરવા લાગી. ઘરના બધા સભ્યો સાથે ઝઘડવા લાગી. એનાથી બિચારો યુવક ચિંતા કરવા લાગ્યો. થોડા દિવસમાં એની સ્નાયુશક્તિ દુર્બળ થઈ ગઈ અને ગાંડા જેવો બની ગયો. આ વાત સાંભળીને છોકરીનાં માબાપ પણ ચિંતા કરવા લાગ્યાં. આ રીતે એક ભૂલને લીધે બે કુટુંબ દુઃખી થયાં, એક ઘર ભાગી પડ્યું. એ ભૂલ હતી મનમેળ વગરનાં લગ્ન કરાવવાની.

પતિપત્નીની પસંદગી શક્ય હોય ત્યાં સુધી બંનેની રુચિ અને ઇચ્છા પર થવી જોઈએ. બંનેના ગુણ, કર્મ તથા સ્વભાવમાં સમાનતા હોવી જોઈએ. રૂપ, યૌવન તથા વાસનાથી આકર્ષાઈને લેવામાં આવેલા નિર્ણય છેવટે દુઃખ, ક્લેશનું કારણ બની જાય છે, કારણ કે એ આકર્ષણ લાંબા સમય સુધી ટકતું નથી.

ક્યારેક પતિપત્નીના સ્વભાવમાં થોડો ફરક પણ હોઈ શકે છે. જો બંને એકબીજાને અડચણ પેદા ન કરે તો દાંપત્યજીવનની ગાડી આરામથી ચાલી શકે છે. જેમનામાં સમજૂતી કરીને ચાલવાની ઉદારતા છે તેઓની રુચિ જુદી જુદી હોય તો પણ સુખી રહી શકે છે. આ મધ્યમ માર્ગ છે, કારણ કે દરેક વ્યક્તિની સ્વાભાવિક વિશેષતાઓ અને રુચિ જુદી જુદી હોય છે. નિભાવવા અને સમજૂતી કરીને ચાલવાના આધાર પર જ ભારતમાં હજારો વર્ષોથી સંયુક્ત કુટુંબપ્રથા ચાલી રહી છે. પોતાની જ ઇચ્છાને મહત્ત્વ આપીને પતિપત્ની પોતાના મધુર સંબંધો બગાડી નાખે છે. સ્નેહ, પ્રેમ અને આત્મીયતાની જગ્યાએ પોતાના જ હાથે કટુતાનાં બીજ વાવે છે. કટુતાનું બીજ અંકુરિત થઈને વિષવૃક્ષ બને છે અને છૂટાછેડા, હત્યા, દુર્વ્યવહાર, આત્મહત્યા જેવાં કડવાં ફળ ચાખવાં પડે છે.

પતિની પસંદગીમાં અમીર-ગરીબનું અંતર જોવું જરૂરી છે. જો કોઈ ધનવાનને ત્યાં ગરીબ છોકરીનો સંબંધ થઈ જાય તો બિચારીને સાસરીમાં માબાપની ગરીબીનાં મેણાં સાંભળવાં પડે છે. ઓછું દહેજ લાવવાના કારણે જિંદગીભર સાંભળવું પડે છે. જો પતિ પણ છોકરીની ઉપેક્ષા કરે તો એનું જીવન બોજરૂપ બની જાય છે. કેટલાક લોકો ધનના આકર્ષણમાં પોતાની છોકરીનાં લગ્ન ઓછી કે વધારે ઉંમરના છોકરા સાથે કરી દે છે. આ બંને સ્થિતિઓમાં દાંપત્યજીવન દુઃખી રહે છે.

જ્યારે ધનવાન ઘરની છોકરીનું લગ્ન ગરીબ યુવક સાથે કરવામાં આવે છે, ત્યારે સમસ્યા વધુ જટિલ બની જાય છે. જ્યારે છોકરીમાં કોઈ ખોડખાંપણ હોય અથવા છોકરો હોશિયાર હોય ત્યારે આવું લગ્ન થાય છે. આ બાજુ ધનવાન કુટુંબમાં લગ્ન કરાવીને છોકરાનાં માબાપ ખુશ થાય છે,

પરંતુ ગરીબ ઘરમાં અમીરની છોકરી આવવાથી મુશ્કેલી ઊભી થાય છે. તે પિતાના ઘરની જેમ સુખસગવડ, મકાન, નોકર, કપડાં, ઘરેણાં, સ્વાદિષ્ટ ભોજન વગેરે માગે છે. બિચારો ગરીબ પતિ એની ઇચ્છા પૂરી કરી શકતો નથી. પરિણામે અસંતુષ્ટ પત્ની ગરીબ ઘરની શાંત છાયા માટે ચિનગારી બની જાય છે.

શિક્ષિત-અભણ દંપતીનું જીવન પણ કલેશવાળું હોય છે. કોઈ ભણેલગણેલ યુવાનનું લગ્ન અભણ છોકરી સાથે કરવામાં આવે તો બંનેના જીવનમાં તાલમેળ કેવી રીતે બેસે? નિરક્ષરતાના કારણે કોઈપણ પક્ષ એકબીજાની માનસિક સ્થિતિને સમજી શકશે નહીં. એવા સંબંધોમાં પતિ-પત્ની એકબીજાના સહયોગી નહીં, પણ ભારરૂપ બની જાય છે.

પતિપત્નીની અયોગ્ય પસંદગી જ દાંપત્યજીવનના ઝઘડા, છૂટાછેડા, અશાંતિ તથા વિકૃતિઓનું મૂળ કારણ છે. પોતાની જ રુચિને મહત્ત્વ આપીને વરકન્યાની પસંદગી કરનાર માતાપિતા જ એના માટે જવાબદાર છે. સંતાન માટે જીવનસાથીની પસંદગી કરતી વખતે દરેક માબાપે સંતાનના વિચારને પણ ધ્યાનમાં રાખવા જોઈએ. સંતાન અવળા રસ્તે જાય તો માતાપિતાએ એને રોકીને સાચો રસ્તો દેખાડવો જોઈએ, પરંતુ લગ્ન જેવી મહત્ત્વની બાબતમાં સંતાનની સંમતિ લેવી જરૂરી છે. જે માબાપ પોતાના સંકુચિત વિચારોને લીધે અથવા અભિમાનવશ એવું નથી વિચારતાં, સંતાનની ભાવનાઓની કદર નથી કરતાં એમનાં બાળકોનું દાંપત્યજીવન બરબાદ થઈ જાય એમાં કોઈ શક નથી. સંતાન એમનું અપમાન કરે છે ત્યારે એનું પરિણામ એમને પણ ભોગવવું પડે છે. ઘરમાં લડાઈઝઘડા થાય છે અને ઘરની આબરૂ જાય છે અને લોકો તમાશા જુએ છે ત્યારે અનેક માબાપ આંસુ સારે છે, પણ હવે શું થાય? એકવાર થઈ ગયું તે થઈ ગયું. પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરવા સિવાય એમની પાસે બીજો કોઈ ઉપાય હોતો નથી.

અમેરિકામાં દર વર્ષે છૂટાછેડાની સંખ્યા વધતી જ જાય છે. ત્યાં એક સ્ત્રીને પતિ બદલવામાં પડખુ બદલવા જેટલો સમય લાગે છે. આ વાતમાં અતિશયોક્તિ હોઈ શકે છે, પણ એટલું જરૂર છે કે ત્યાં નહીં જેવી વાતમાં

છુટાછેડા આપવામાં આવે છે. પતિપત્ની વચ્ચે થોડી બોલાચાલી થઈ કે છુટાછેડાની અરજી ન્યાયાલયમાં પહોંચી જાય છે.

પશ્ચિમના દેશોમાં છુટાછેડાની વધતી સંખ્યાએ દાંપત્યજીવનમાં કડવાશ અને અસ્થિરતા પેદા કરી દીધી છે. કોઈ વેપારી સંસ્થામાં કામ કરનારી સ્ત્રી સાંજે ઘેર પાછી આવશે કે નહીં એ કહી શકાતું નથી. ફિનલેન્ડનું એક વૃદ્ધદંપતી છુટાછેડા માટે કોર્ટમાં ગયું. પતિની ઉંમર ૮૭ વર્ષ અને પત્નીની ૮૫ વર્ષ હતી.

ન્યાયાધીશે પૂછ્યું- તમારું લગ્ન ક્યારે થયું હતું ?

૬ ડિસેમ્બર ૧૮૭૩

તમારા વચ્ચે ખટરાગ ક્યારે શરૂ થયો?

લગ્ન કર્યું એજ દિવસથી.

હવે ન્યાયાધીશ શું કહે? છૂટાછેડાની અરજી તરત જ સ્વીકારી લીધી.

છુટાછેડાના વધતા આંકડા જોઈને એ સ્પષ્ટ થઈ જાય છે કે બીજા વિશ્વયુદ્ધ પછી તે દેશોમાં છુટાછેડાની સગવડ વધી છે. ત્યાંના લોકો ઉત્સાહ સાથે એનો ઉપયોગ કરી રહ્યા છે. સંયુક્ત રાજ્ય અમેરિકામાં લગભગ દોઢ કરોડ સ્ત્રીપુરુષોએ છુટાછેડા લીધેલા છે. એમનાં ચાલીસ લાખ બાળકો અનાથોની જેમ જીવન જીવી રહ્યાં છે.

રશિયામાં છુટાછેડા લેવા જેટલા સરળ છે એટલા દુનિયાના બીજા કોઈ દેશમાં નથી. જો પતિપત્ની વચ્ચે કોઈ ખટરાગ થાય તો બેત્રણ મહિનાની નોટિસ આપીને છુટાછેડા લઈ શકે છે. જ્યારે બાળકોની સાર- સંભાળ કે મિલકતની વહેંચણી બાબતમાં કોઈ મતભેદ હોય ત્યારે જ એમને કોર્ટમાં જવાની જરૂર પડે છે. ત્યાં એક વર્ષમાં ૭ લાખ છૂટાછેડા નોંધાયા હતા. રશિયામાં દંપતીઓની સંખ્યા લગભગ ૭ કરોડ છે. એનો અર્થ એ થયો કે ત્યાં દસ ટકા લગ્ન તૂટી જાય છે. ત્યાં કુંવારી માતાઓને કલંકની દૃષ્ટિથી દેખવામાં આવતી નથી. સ્ત્રીઓ આર્થિક દૃષ્ટિથી સ્વતંત્ર છે. બ્રિટનમાં ૧૯૬૫માં છુટાછેડા માટે ૪૩ હજાર અરજીઓ આવી હતી.

કૌટુંબિક સમસ્યાઓ અંગેના અમેરિકાના વિશેષજ્ઞ વિલિયમ ગુડે

છુટાછેડાની સમસ્યાના અધ્યયન માટે જે અંગ્રેજ દેશોના આંકડા ભેગા કર્યા છે એનાથી વસ્તુસ્થિતિ સ્પષ્ટ થઈ જાય છે.

દર હજારે છુટાછેડા- અમેરિકા ૨૫૯, ઈંગ્લેન્ડ ૭૦, ફ્રાન્સ ૮૩૨, બેલ્જિયમ ૭૧, સ્વીડન ૧૭૫, ઓસ્ટ્રેલિયા ૮૯, યુગોસ્લાવિયા ૧૩૧.

અમેરિકાના એક વકીલે પાછલાં ૩૫ વર્ષોમાં ૩૦૦૦થી પણ વધારે લોકોને છુટાછેડા અપાવ્યા છે. તેઓ કહે છે કે મારી પાસે છુટાછેડા માટે એવા લોકો વધારે આવ્યા કે જેમનાં લગ્નો ખોટાં કારણોથી થયાં હતાં અને શરૂઆતથી જ અસફળ થવાની શક્યતાઓ હતી. એમાં જેમણે વગર વિચાર્યે ઝટપટ લગ્નો કરી લીધાં એવા લોકોની સંખ્યા વધારે હતી.

અમેરિકામાં પાંચ લગ્નોમાંથી એક લગ્ન એવી છોકરીનું થાય છે, જે લગ્ન પહેલાં જ ગર્ભવતી થઈ ગઈ હોય છે. જ્યારે કોઈ પ્રેમિકા ગર્ભવતી થવાના કારણે લગ્ન કરવા માટે વિવશ થાય છે ત્યારે એમનાં બધાં રંગીન સ્વપ્ન તૂટી જાય છે. વૈવાહિક જીવનમાં પ્રવેશ કરતાની સાથે જ એમના પર પ્રથમ બાળકની જવાબદારી આવી જાય છે. જો કોઈ બાળકનો જન્મ ન થાત તો લગ્ન પછી પણ પત્ની વર્ષ બે વર્ષ કામ કરીને કુટુંબની આર્થિક સ્થિતિ સુધારી શકત. એના બદલે આર્થિક તંગી વધતી જ જાય છે.

મોટા ભાગનાં લગ્નો દારૂને લીધે તૂટી જાય છે. આજકાલ આ વ્યસન સ્ત્રીઓમાં પણ જોવા મળે છે. સ્ત્રીઓ આખો દિવસ ઘરમાં એકલી રહે છે. સમય પસાર કરવા માટે થોડો દારૂ પીવાનું શીખી લે છે. એને લીધે ઘરના કામકાજમાં ધ્યાન આપી શકતી નથી. પછી તો સ્થિતિ એટલી બધી બગડી જાય છે કે કોઈ પણ પુરુષ એમની સાથે રહી શકતો નથી. ગરીબાઈ, અવિશ્વાસ, નિર્દયતા જેવાં અનેક કારણ છે, જે દારૂ સાથે સંકળાયેલાં છે.

ક્યારેક ક્યારેક તો દારૂના નશામાં જ લગ્નો થઈ જાય છે. કોઈ ક્લબમાં કોઈ છોકરીને પોતાની સાથે ખાવા, નાચવા કે સિનેમા દેખવા માટે લઈ જાય છે અને ક્ષણિક આવેશમાં લગ્ન કરી લે છે. થોડા સમય પછી તો એમને એ પણ યાદ નથી રહેતું કે એમનું લગ્ન શા માટે, ક્યાં અને કઈ પરિસ્થિતિઓમાં થયું હતું. કેટલીય છોકરીઓ એવા પુરુષ સાથે ફક્ત બદલાની

ભાવનાથી લગ્ન કરે છે.

કેટલાંક લગ્નો તો ફક્ત પૈસા માટે જ થાય છે. છોકરીનું બાળપણ ગરીબીમાં વીતે છે. તે એવા યુવાન સાથે લગ્ન કરી લે છે, જે એને મોજશોખ કરાવી શકે, પરંતુ થોડા દિવસ પછી એને એવું લાગે છે કે તે પોતાના પતિ સાથે એક ક્ષણ પણ રહી શકશે નહીં. કેટલીક સ્ત્રીઓ જાણીબૂઝીને એવા આધેડ આદમીને ફસાવવાનો પ્રયત્ન કરે છે કે જેની પાસે અઢળક ધન હોય છે. તે વિચારે છે કે એના પૈસા પોતાના જ હાથમાં આવી જશે. કેટલાક પતિ લગ્ન કર્યા પછી તરત જ ફર્નીચર, મોંઘાં કપડાં, કાર અને મોજશોખ પાછળ એટલો બધો ખર્ચ કરી નાખે છે કે એનાથી દેવું થઈ જાય છે અને એનું વ્યાજ ચૂકવવાનું પણ ભારે પડી જાય છે. પત્ની ગર્ભવતી થતાં જ ખર્ચ વધી જાય છે. એનાથી લગ્નજીવનમાં ખટરાગ શરૂ થાય છે.

કેટલાંય લગ્ન એટલા માટે અસફળ થઈ જાય છે કે યુવક અને યુવતીનો સ્વભાવ એકબીજાને યોગ્ય નથી હોતો અથવા ક્રોધી હોય છે. કોઈ સ્વાર્થી કે ઘમંડી હોય છે. એવી કુટેવો હોય છે કે બીજો સાથી સહન નથી કરી શકતો. ક્યારેક ક્યારેક લાંબી બીમારી પણ છુટાછેડાના દરવાજે પહોંચાડી દે છે.

શારીરિક સૌંદર્યને મહત્ત્વ આપનારા દંપતીનું લગ્નજીવન આઠ-દસ વર્ષ તો બરોબર ચાલે છે. ત્યાર પછી આકર્ષણ ઓછું થાય છે અને પતિને એવું લાગે છે કે પત્ની બેડોળ બની ગઈ છે. પત્નીને એવું લાગે છે કે પતિ એનું બરાબર ધ્યાન નથી રાખતો. આવી રીતે પરસ્પર અવિશ્વાસ પેદા થતાં એમના માટે છુટાછેડાનો દરવાજો ખૂલી જાય છે.

જ્યારે બાળકો નાનાંનાનાં હોય ત્યારે, છુટાછેડા પતિપત્ની માટે શાપરૂપ સાબિત થાય છે. છુટાછેડાના આંકડા પ્રગતિશીલ દેશોના લોકોની દીર્ઘદૃષ્ટિ તથા સહનશીલતાનો અભાવ અને સંકુચિત દૃષ્ટિકોણની સાક્ષી પૂરે છે.

અમેરિકામાં નીચે આપેલ કારણોથી છુટાછેડા લેવાય છે:

| | | |
|---|---|---|
| દારૂ | ૩૦ | ટકા |
| વ્યભિચાર | ૨૫ | ટકા |

| | | |
|---|---|---|
| જવાબદારીની ઉપેક્ષા | ૧૨ | ટકા |
| પ્રતિકૂળ સ્વભાવ | ૧૨ | ટકા |
| સંબંધીઓને લીધે | ૭ | ટકા |
| યૌન સમસ્યાઓ | ૫ | ટકા |
| માનસિક રોગ | ૩ | ટકા |
| ધાર્મિક કારણ | ૩ | ટકા |
| બીજાં કારણ | ૩ | ટકા |

છુટાછેડાનું કારણ ગમે તે હોય, પણ એનાથી કોઈ સમસ્યાનું સમાધાન થતું નથી. એવાં પતિપત્નીની માનસિક તાણ અને અસંતોષ વધે છે. છેવટે તે અર્ધપાગલ બની જાય છે. તેઓ પોતાની સમસ્યા ઉકેલવા માટે બીજું લગ્ન કરે છે અને ફરીથી એજ સમસ્યાઓ ઊભી થાય છે.

દાંપત્યજીવનનાં કર્તવ્યો અને જવાબદારીઓને જ્યાં સુધી ગંભીરતાથી સમજવામાં નહીં આવે ત્યાં સુધી કામવાસના માટે કરવામાં આવેલાં લગ્નો ક્યારેય સફળ નહીં થાય. બે આત્માઓના પવિત્ર મિલનની અને એકબીજાને પરસ્પર નિઃસ્વાર્થ પ્રેમ કરવાની ભારતીય લગ્નપરંપરા જ પતિપત્નીને એક સૂત્રમાં બાંધી શકે છે. બાકી તો દૈનિક જીવનમાં ઊભા થતા નાનામોટા મતભેદ ગૃહસ્થજીવનના આનંદનો નાશ કરી નાખશે.

## દાંપત્યજીવનને નરક બનતાં બચાવો

દાંપત્યજીવન મનુષ્યની અનેક કોમળ અને ઉદાર ભાવનાઓ, વિચારશીલતા તથા સત્પ્રવૃત્તિઓ પર ટકતું હોય છે. સ્નેહ, આત્મીયતા, ત્યાગ, બલિદાન, ઉદારતા વગેરે અનેક દૈવી ગુણો પર દાંપત્યજીવનનો પાયો નંખાયેલો હોય છે. સફળ દાંપત્યજીવન માટે કર્તવ્ય અને જવાબદારીઓ સમજવી જરૂરી છે. સ્ત્રીપુરુષનો પ્રેમ, ત્યાગ અને આત્મીયતા સૂકા રણને સીંચીને સરસ, સરળ અને સ્વર્ગ જેવું સુંદર બનાવી દે છે. આ સંયુક્ત પ્રયાસથી લાખો મુશ્કેલીઓ વચ્ચે ડગલે ને પગલે નવી આશા, નવો ઉમંગ અને નવી પ્રેરણા મળે છે. નારીની સરળતા, સહિષ્ણુતા, ત્યાગ અને સેવાથી મનુષ્ય શક્તિશાળી બને છે. પુરુષની આત્મીયતા તથા આદર-સન્માન

મેળવીને સ્ત્રી દેવીના રૂપમાં પ્રતિષ્ઠિત થાય છે.

પતિપત્નીના વ્યવહારમાં નાની સરખી ભૂલ કે અસાવધાની રાખવામાં આવે તો એમનો મધુર સંબંધ કટુ અને દ્વેષપૂર્ણ બની જાય છે. ગૃહસ્થજીવનના લડાઈઝઘડા, અસંતોષ અને સંઘર્ષને લીધે મનુષ્યની પ્રગતિ વિકાસ અટકી જાય છે. લડાઈઝઘડાનું મૂળ કારણ નાની સરખી ભૂલ હોય છે. જો એને સુધારી લેવામાં આવે તો દાંપત્યજીવનને નરક બનતાં રોકી શકાય છે.

પતિપત્ની એકબીજાની ભૂલો સુધારવાની જગ્યાએ ભૂલો કાઢે તો એમના મધુર સંબંધોમાં કડવાશ આવી જાય છે. એનાથી એકબીજાની આત્મીયતા, પ્રેમ અને આકર્ષણ ખલાસ થઈ જાય છે. કેટલાય પતિ વાત-વાતમાં પોતાની પત્નીની ભૂલો કાઢે છે. એના ભોજન બનાવવા, રહેણી-કરણી, કપડાં ઓઢવા-પહેરવા, બોલીચાલી વગેરેમાં વ્યંગ કરે છે. એનાથી સ્ત્રીઓ પર ખરાબ પ્રભાવ પડે છે. પતિની હાજરી એને બોજ જેવી લાગે છે. સમય જતાં પત્ની પતિની ઉપેક્ષા પણ કરે છે.

સ્ત્રીઓ હંમેશાં એવું ઈચ્છે છે કે પતિ એના કામ, રહેણીકરણી વગેરેની પ્રશંસા કરે. પતિના મોંમાંથી નીકળેલો પ્રશંસાનો એક શબ્દ પત્નીને અપાર ખુશી આપે છે. પતિની પ્રશંસા મેળવીને સ્ત્રી પોતાપણું ભૂલી જાય છે દાંપત્યજીવનમાં જેઓ એકબીજાની પ્રશંસા કરે છે તેઓ સંતુષ્ટ અને ખુશ રહે છે.

જે સ્ત્રીઓને પતિની કડવી વાતો સાંભળવી પડે છે તે એવું ઈચ્છે છે કે પતિદેવ અહીંથી ક્યારે જાય. પતિની ગેરહાજરીમાં બીજાં માધ્યમોથી પોતાના દબાયેલા ભાવોને તૃપ્ત કરે છે. બહેનપણીઓ સાથે ગપ્પાં મારે છે. શૃંગાર કરીને બજારમાં નીકળે છે. કેટલીક સ્ત્રીઓ તો પારકા પુરુષોની પ્રશંસા સાંભળીને પોતાના ભાવોને તૃપ્ત કરે છે. જે પ્રેમ અને પ્રશંસા એને પતિ પાસેથી મળવાં જોઈએ તેને બીજે શોધવાનો પ્રયત્ન કરે છે. કેટલીક સ્ત્રીઓ ગાંડપણ, ભૂતબાધા, હિસ્ટીરિયા કે સ્નાયુ રોગોથી પીડાય છે અથવા એમનો સ્વભાવ ક્રોધી અને ઝઘડાળુ બની જાય છે. એમને ઘર સૂનું સૂનું લાગે છે.

જ્યાં સ્ત્રીને પતિની પ્રશંસાની જગ્યાએ કડવી વાતો સાંભળવી પડે છે ત્યાંથી પ્રેમ ભાગી જાય છે. પતિનું ઘર સ્ત્રી માટે આકર્ષણ, ખુશી અને ઉલ્લાસનું સ્થળ કહેવાય છે, પરંતુ કડવાશ ઊભી થવાને લીધે એ ઘરમાં નિરાશા અને સ્મશાન જેવી શાંતિ વ્યાપી જાય છે. એ ઘરમાં સદ્ભાવ અને પ્રેમ વગરનાં જડ શરીર જ હરતાં ફરતાં જોવા મળે છે.

એજ પ્રકારે સ્ત્રીઓએ પણ પતિની ઉપેક્ષા કે આલોચના કરવી જોઈએ નહીં. પુરુષ જ્યારે કામથી થાકીને ઘેર આવે ત્યારે ઘરમાં પ્રેમ અને ઉલ્લાસનો સાગર હિલોળા લેતો હોવો જોઈએ. એનાથી આખા દિવસનો થાક અને ચિંતા દૂર થાય છે. એના બદલે જો પત્નીનાં રોદણાં, વ્યંગબાણ સાંભળવાં પડે તો પતિદેવની શું દશા થાય, એની કલ્પના તો જે ભોગવી ચૂક્યા છે તેજ કરી શકે છે.

જ્યારે પત્નીના કડવા વ્યવહારનો સતત સામનો કરવો પડે છે ત્યારે ભલભલા મરદમૂંછાળાની ધીરજ ખૂટી જાય છે. ફ્રાન્સનો રાજા નેપોલિયન ત્રીજો પોતાની પત્નીનાં વેણથી તંગ આવીને વેશ્યાઓને ત્યાં જવા લાગ્યો હતો. એણે એક બીજી સ્ત્રી સાથે પણ સંબંધ બાંધ્યો હતો. લિંકન જેવા મહાપુરુષે પોતાના સારા સ્વભાવ અને સદ્ગુણના આધારે લાંબા સમય સુધી દાંપત્યજીવન નિભાવ્યું ,પણ છેવટે એમને છુટા પડવું પડ્યું. મહાન વિચારક ટોલ્સટોયે પોતાની પત્નીનો કર્કશ સ્વભાવ સહન કર્યો, પરંતુ અંતમાં બ્યાસી વર્ષની ઉંમરે હેરાન થઈને ઘેરથી જતા રહ્યા અને રસ્તામાં જ ન્યૂમોનિયા થતાં મૃત્યુ પામ્યા.

ઇતિહાસમાં એવાં અનેક ઉદાહરણો જોવા મળે છે કે પત્નીની કર્કશ સ્વભાવથી તંગ આવીને વ્યક્તિ જો આદર્શવાદી હોય તો દાર્શનિક વિચારધારા તરફ વળે છે. દાખલા તરીકે સોક્રેટિસ, ભર્તૃહરિ વગેરે. એનાથી ઊલટું જો સામાન્ય બુદ્ધિવાળી વ્યક્તિ હોય તો તે વેશ્યાગામી, દારૂડિયો અને વ્યસની બની જાય છે. જે લોકોને ઘરમાં સ્ત્રીઓનો પ્રેમ તથા સદ્ભાવ નથી મળતો તે બીજી જગ્યાએથી એ પ્રેમ મેળવવાનો પ્રયત્ન કરે છે અથવા દારૂ વગેરે વ્યસનોથી પોતાનું દુઃખ ભૂલવાનો પ્રયત્ન કરે છે. ઘરના કડવા અને ઝેરી

વાતાવરણના કારણે કેટલાય લોકો અપરાધી બની જાય છે.

પતિપત્નીની પરસ્પર કટ્ટરતા અને અવિશ્વાસની ભાવના પણ એમનું ઘર ભાંગી નાખે છે. જ્યારે પતિપત્ની એક બીજાના ચરિત્ર, વ્યવહાર, અને રહેણીકરણી પર શંકા કરવા માંડે છે ત્યારે એમના મધુર સંબંધોમાં તિરાડ પડી જાય છે અને દિવસે દિવસે એ તિરાડ વધતી જ જાય છે. એનાથી દાંપત્ય-જીવનનાં સુખશાંતિ નાશ પામે છે અને સમય જતાં આત્મહત્યા, ખૂન તથા વિશ્વાસઘાતના રૂપમાં કેટલાંય ભયંકર પરિણામ આવે છે. વર્તમાનપત્રોમાં રોજબરોજ આ પ્રકારના સમાચાર વાંચવા મળે છે. વાસ્તવમાં તો નમ્રતા, સહિષ્ણુતા, ઉદારતા અને ક્ષમાથી જ દાંપત્યજીવન નભે છે.

થોડા સમય પહેલાં કુટુંબના બધા સભ્યો ભેગા મળીને સુખ-શાંતિપૂર્વક રહેતા હતા. બધાંનો નિર્વાહ સારી રીતે થતો હતો. અનેકતામાં એકતાનાં દર્શન થતાં હતાં, પરંતુ હવે તો સંયુક્ત કુટુંબની વાત તો ઠીક પણ પતિ-પત્નીમાં જ એકતા, સમતા નથી. એનું કારણ છે પરસ્પર અધિકારની ભાવના, લડાઈઝઘડા અને વ્યક્તિગત સ્વાર્થનો દૃષ્ટિકોણ.

વાસ્તવમાં બે અથવા એથી વધારે સદસ્યો ભેગા મળીને ત્યારે જ રહી શકે છે કે જ્યારે પરસ્પર લડવાઝઘડવાની ભાવના ન હોય. પોતાનો સ્વાર્થ, પોતાનું સુખ, પોતાનો લાભ વગેરે તુચ્છ વિચાર ત્યાગવામાં આવે તો જ પતિપત્ની કે કુટુંબની ગાડી આગળ વધે છે. ઘરમાં બોલાચાલી કે લડાઈ ઝઘડો થતાં બજારમાં જઈને મીઠાઈ ખાનાર, પત્નીને દુઃખી કરીને મોજ- મજા કરનાર પતિ ક્યારેય પોતાની પત્નીનો પ્રેમ મેળવી શકતો નથી. એજ રીતે આખો દિવસ કામ કરીને થાકેલા પુરુષને સેવા, મદદ, સહાનુભૂતિ આપ્યા વગર પડોસમાં જઈને ગપ્પાં મારનારી, તોછડાઈભર્યો વ્યવહાર કરનારી સ્ત્રી પોતાના દાંપત્યજીવનમાં આગ લગાડે છે. એનાથી દઝાયેલા પુરુષની નિરાશા, દુઃખ અને ખેદમાં દાંપત્યજીવનની બધી સુખદ સદ્ભાવનાઓ બળીને ખાખ થઈ જાય છે.

પતિપત્નીનો એક સમાન સંબંધ છે. એમાં નથી કોઈ નાનું કે નથી કોઈ મોટું. જીવનયાત્રાના માર્ગ પર પતિપત્ની ઘનિષ્ઠ મિત્રોની જેવાં જ

હોય છે. પોતપોતાની જગ્યાએ બંનેનું સરખું મહત્ત્વ છે. જીવનક્ષેત્રમાં પુરુષ પુરુષાર્થ અને શ્રમની મદદથી પ્રગતિનું હળ ચલાવે છે, તો નારી એમાં નવજીવન, નવચેતના, નવસર્જનનાં બીજ વાવે છે. પુરુષ જીવનરથનો સારથિ છે ,તો નારી રથની ધરી છે. પુરુષ જીવનરથમાં બેસીને લડે છે ,તો નારી એના સુખસગવડની વ્યવસ્થા કરે છે, પરંતુ અજ્ઞાની અને અભિમાની પુરુષ, નારીના આ સન્માનની કદર કરતો નથી. પરસ્પર સન્માન અને આદરભાવના અભાવને લીધે દાંપત્યજીવનમાં કડવાશ વધે છે.

દાંપત્યજીવનમાં અડચણ થવાનું એક કારણ લગ્નસંબંધ નક્કી કરવાની ખોટી પરંપરાઓ છે. મોટા ભાગે માતાપિતા દ્વારા જાતિના નિયમ કે બાહ્ય વાતો જોઈને જ લગ્નસંબંધ નક્કી થઈ જાય છે, પરંતુ એનાથી લગ્નનો મૂળ હેતુ પૂરો થતો નથી.

કજોડામાં ભાવના, માનસિક સ્તર તથા વિચાર જુદાજુદા હોય એ સ્વાભાવિક છે. બીજી બાજુ બાળલગ્ન નાનાં પતિપત્ની માટે રમત બની જાય છે. જરૂર એ વાતની છે કે લગ્ન સંબંધમાં ગુણ, કર્મ તથા સ્વભાવનો મેળ જોવામાં આવે. ગુણ, કર્મ અને સ્વભાવના આધારે થનારા સંબંધ સ્થાયી અને મધુર હોય છે. સાવિત્રીએ ગુણોથી પ્રભાવિત થઈને સત્યવાનને પોતાના પતિ તરીકે પસંદ કર્યો હતો. ગુણ અને કર્તવ્ય પર આધારિત દાંપત્યજીવન સુખી હોય છે.

## દાંપત્યજીવન સફળ કેવી રીતે બને?

મનુષ્યને જ્યારે જિંદગીભર ગાઢ મિત્રતા નિભાવવાની જરૂરિયાતનો અનુભવ થાય છે ત્યારે લગ્ન થાય છે. લગ્ન એક એવી મિત્રતાની શરૂઆત છે ,જે અનેક ભૂલો અને ખામીઓ હોવા છતાં પણ જિંદગીભર ટકી રહે છે. બીજી મિત્રતાઓ બંધાય છે અને તૂટે છે. મનુષ્ય પોતાના સામાજિક જીવનમાં કેટલાય મિત્ર બનાવે છે અને સમય જતાં એમને ભૂલી જાય છે. એ દોસ્તીના મૂળમાં કોઈને કોઈ સ્વાર્થ હોય છે. એટલા માટે એ બંધાય છે અને તૂટે છે. જીવનસાથીને લગ્ન કરીને સ્વીકારવાની મિત્રતા એવી છે, જેની શરૂઆત નિઃસ્વાર્થ ભાવથી થાય છે. એને આત્મત્યાગનું ખાતર મળે છે

અને પ્રેમનું પાણી મળે છે. એનાથી દાંપત્યજીવનમાં સુખશાંતિ અને આનંદનાં મીઠાં ફળ લાગે છે.

કેટલાય લોકો એવું માને છે કે સુખી દાંપત્યજીવન માટે ધન હોવું જરૂરી છે. સુખસગવડનાં સાધન હોય તો વ્યક્તિ એનો લાભ ઉઠાવી શકે છે. હજારો-લાખો લોકો આ વાતનું સમર્થન કરે છે ,પણ અનેક દંપતીઓના જીવનમાં ખોટી પડી છે. સાચું તો એ છે કે કોઈ પણ દંપતીને એવું નથી લાગ્યું કે ધનના અભાવમાં તેઓ દુઃખી છે. ધન ન હોય તો મુશ્કેલી પડે છે, પણ મધુર સંબંધોને કારણે એનો કોઈ ખાસ અનુભવ થતો નથી. પતિપત્નીનો પ્રેમ એ ઘા પર મલમનું કામ કરે છે.

મોટા ભાગે જોવા મળે છે કે ધનવાન લોકોનું દાંપત્યજીવન આનંદ વગરનું અને નીરસ હોય છે. પતિ ધન કમાવામાં એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે પત્ની સાથે પ્રેમની બે મીઠી વાતો પણ કરી શકતો નથી. એના અભાવમાં પત્ની ધન અને વૈભવમાં પ્રેમ શોધે છે, પરંતુ ત્યાં નિરાશ થવું પડે છે. પરિણામે બધો ગુસ્સો પતિ કે કુટુંબના બીજા સભ્યો પર ઊતરે છે અને દાંપત્યમાં કડવાશ આવી જાય છે.

કેટલાક લોકો એવું માને છે કે સુખી દાંપત્યજીવન માટે પતિપત્ની ભણેલાં હોવાં જોઈએ. ભણેલ પતિપત્ની પોતાના સંબંધો સારી રીતે સુધારી શકે છે, પરંતુ દાંપત્યજીવન માટે જે તત્ત્વો જરૂરી છે, એ ન હોય તો ભણતર પણ દાંપત્ય સંબંધને બગાડી નાખે છે. શિક્ષણ દાંપત્યજીવનને સરસ પણ બનાવી શકે છે અને નીરસ પણ બનાવી શકે છે. દાંપત્યજીવનને મધુર બનાવવાનાં રહસ્યો જાણી શકાય તો પતિપત્ની અભણ હોય તો પણ એમનું જીવન સુખી બની શકે છે. કરોડો લોકો અભણ હોવા છતાં પણ સુખેથી જીવી રહ્યા છે, જ્યારે લાખો ભણેલા લોકો આ ગુણોના અભાવમાં તણાવપૂર્ણ સ્થિતિમાં જીવી રહ્યા છે.

દાંપત્યજીવનને સુખી બનાવવા માટે ધન પણ જરૂરી છે અને શિક્ષણ પણ જરૂરી છે, પરંતુ મૂળ જરૂરિયાત કાંઈક બીજી જ છે. સોનાનાં ઘરેણાં બનાવવા માટે ગરમી અને હથોડી જે કામ કરે છે તે કામ ધન અને શિક્ષણ

કરે છે, પરંતુ સોનું જ ન હોય તો ઘરેણું કઈ ધાતુનું બનશે? ધન અને શિક્ષણથી દાંપત્યજીવનને સાધનસગવડવાળું બનાવી શકાય છે, પણ આનંદમય દાંપત્યજીવન માટે પતિપત્નીનાં શરીરોમાં વસતા બે આત્માઓને એક સૂત્રમાં બાંધી શકે એવા ગુણોની જરૂર હોય છે. એ ગુણ આ પ્રમાણે છે- પ્રેમ, આત્મીયતા, સ્નેહ, ત્યાગ અને ઉચ્ચ ભાવનાઓ.

પ્રેમ જ પતિપત્નીને એક સૂત્રમાં બાંધે છે. પ્રેમ ત્યાગ, બલિદાન અને નિઃસ્વાર્થ ભાવનાને જન્મ આપે છે. પ્રેમનો આધાર સૌંદર્ય કે કામુકતા નથી. એક બીજાના સુખ માટે ત્યાગ કરવાથી આ દિવ્ય અમૃતનો વરસાદ થાય છે. પતિપત્નીનો સ્વભાવ મળતો હોય અને એકબીજા માટે ત્યાગ કરવાની ભાવના હોય તો ગરીબ સ્થિતિ હોવા છતાં પણ હસીખુશીનું મધુર જીવન જીવી શકાય છે.

અભણ અને ગરીબ દંપતીઓમાં જે પ્રેમ, જે આનંદ જોવા મળે છે, એનું કારણ આ દિવ્ય પ્રેમ છે. આપણા દેશની છોકરીઓને આ ભાવનાઓ વારસામાં મળે છે. આધુનિક કુટુંબોમાં આનંદનું ઝરણું સુકાઈ જવાનું કારણ એ છે કે મધુર ભાવનાઓ કરતાં સ્વાર્થને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. આધુનિક પતિપત્ની એકબીજાની સગવડ કરતાં પોતાના સ્વાર્થને વધારે મહત્ત્વ આપે છે. એવું દાંપત્યજીવન વેપારી સંબંધો જેવું હોય છે.

કુરૂપ જોડાં પણ પ્રેમનું અમૃત પીને હસીખુશી તથા મોજમસ્તીથી જિંદગી જીવે છે. જ્યારે સુંદર અને રૂપવાન પતિપત્ની પ્રેમના અભાવમાં દુઃખ સહન કરે છે. મોટા ભાગે સુંદર દંપતી શારીરિક આકર્ષણથી આકર્ષાઈને લગ્ન કરી લે છે એટલે અસફળ રહે છે, કારણ કે શરીરની સુંદરતા લાંબો સમય ટકતી નથી. તે પ્રેમભાવના વધારવાની જગ્યાએ પોતાની સુંદરતા સાચવવા માટે વધારે પ્રયત્નશીલ રહે છે. એવાં કુટંબોમાં બેચાર બાળકો થયા પછી નરક જેવું વાતાવરણ બની જાય છે કારણ કે તે વખતે સુંદરતા ઓછી થઈ જાય છે. પ્રેમભાવનાનો વિકાસ થયો હોતો નથી. આ સ્થિતિ દાંપત્યજીવનને કડવું ઝેર બનાવી દે છે. યાદ રાખવું જોઈએ કે પતિપત્ની

એકબીજાના મિત્ર બનીને જીવનસંગ્રામમાં ઊતરે છે. જો એકબીજાની અવગણના થાય તો શંકાનો જન્મ થાય એ સ્વાભાવિક છે.

દાંપત્યજીવનને સર્વોત્તમ બનાવવામાં ભાવના બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. ભાવનાશુદ્ધિનો અર્થ એ છે કે પતિપત્ની પોતાના કર્તવ્યનું પાલન કરે અને એકબીજા પ્રત્યે સદ્ભાવ વધારે. પુરુષમાં મરદના ગુણ હોય અને સ્ત્રીમાં નારીત્વના ગુણ હોય તો દાંપત્યજીવનમાં આનંદનું ઝરણું ચોક્કસ વહેશે. દાંપત્યજીવનના બધા કાર્યક્રમ અને યોજનાઓ આ આધારે જ બને છે. પુરુષત્વનો અર્થ છે- શક્તિ, સાહસ, સક્રિયતા અને નિયમિતતા. નારીત્વમાં કોમળતા, મૃદુતા, સ્નેહ અને સહાનુભૂતિના ગુણ હોવા જોઈએ.

પતિપત્ની સુયોગ્ય હોય તો પ્રેમ, વિશ્વાસ, આત્મીયતા વગેરે આપમેળે વધે છે તથા એમના જીવનમાં આનંદની ક્યારેય ખોટ નથી રહેતી. એક વાત યાદ રાખવી જોઈએ કે ભૂલ તો બધાંથી થાય છે. નાનીનાની વાતો માટે બોલાચાલી કે ઝઘડો કરવો જોઈએ નહીં. આવાતોથી દાંપત્યજીવનમાં તિરાડ પડે છે.

કેટલીય પત્નીઓ એવું સમજે છે કે લગ્નનો અર્થ- શૃંગાર, વિલાસ અને આળસ છે. અમારી ઈચ્છા પૂર્ણ થવી જોઈએ. હું ગુસ્સે ભરાઉં તો પતિએ મનાવવા માટે આવવું જોઈએ. જે પત્નીઓ આવી આશા રાખે છે, તે ઘણું મેળવીને પણ દુઃખી થઈ જાય છે. એટલા માટે ઓછી આશા રાખો અને એનાથી વધારે જે મળે એને સૌભાગ્ય સમજો. સાથીનો સ્વભાવ અને રુચિ સમજો, પછી એ પ્રમાણે વ્યવહાર કરો.

કોઈનો સ્વભાવ એકાંતપ્રિય હોય છે. કોઈને ગપ્પાં મારવાની ટેવ હોય છે. કોઈ ઝઘડાળુ હોય છે. કોઈ મિજાજી હોય છે. કોઈને ગાવા-વગાડવામાં મજા આવે છે. કોઈને એનાથી ચીડ ચઢે છે અને શાંતિ પસંદ કરે છે. કોઈને રમતગમત પ્રિય હોય છે. કોઈ કંઈક ને કંઈક કામ કરવાનું પસંદ કરે છે. કોઈને જાતજાતની વાનગીઓ બનાવવામાં મજા આવે છે. કોઈ શૃંગારને વધારે પસંદ કરે છે, કોઈ એનાથી દૂર રહે છે. આ પ્રકારે અનેક વ્યક્તિઓની અનેક રુચિઓ હોય છે. પતિપત્નીની પણ અલગ અલગ રુચિ

હોઈ શકે. આવી બાબતોમાં ઝઘડો કરવો જોઈએ નહીં. આ ઝઘડાને ટાળવાનો સૌથી સારો ઉપાય એ છે કે ઘરની આર્થિક સ્થિતિનો ખ્યાલ રાખીને રહેવું જોઈએ. પોતે એવી ટેવ પાડવી જોઈએ કે બીજાની સ્વતંત્રતાને ધક્કો ન લાગે.

જો કે દાંપત્યમાં નિયમોથી કામ નથી ચાલતું. નિયમોના ઉદ્દેશ પર ધ્યાન આપવું પડે છે. એકબીજાની સગવડ અને સ્વતંત્રતાનું ધ્યાન રાખવું પડે છે, છતાં પણ એ માટે સાથીનો સ્વભાવ અને રુચિ સમજવાં જરૂરી છે. સ્વભાવ ઓળખ્યા પછી ઝઘડો ટાળવામાં સરળતા રહે છે.

એકબીજાની સેવા કે મનોરંજન જો ખુશીથી કરવામાં આવે તો સંતાષ, મળે છે. ઘરની બહાર પણ આ નિયમની જરૂર છે, પણ દાંપત્યજીવનમાં તો એકદમ જરૂરી છે.

જુલમ ત્રણ પ્રકારથી થાય છે- તનથી, વચનથી અને અર્થથી. વચનથી ગાળો બોલવી, કઠોર વચન બોલવાં કે ઊંચા અવાજે બોલવું. તનથી મારવું વગેરે. અર્થથી-યોગ્ય સાધનોનો ઉપયોગ ન થવા દેવો. દાંપત્યજીવનને સુખશાંતિમય બનાવવા માટે ક્યારેય પણ જુલમ કરવો જોઈએ નહીં. નૈતિક મર્યાદાનું પાલન કરીને એકબીજાને અનુકૂળ બનવું જોઈએ. પતિ-પત્નીમાં થોડાઘણા ઝઘડા તો ચાલતા જ રહે છે અને સમાધાન પણ થઈ જાય છે. જો આવી નાની નાની વાતો આડોસપાડોસમાં કહેવામાં આવે તો બહાર નિંદા થાય છે અને ઘરની આબરૂ જાય છે. બહારના લોકોની દૃષ્ટિમાં બંને નિંદાપાત્ર બને છે. આ રીતે બંનેને નુકસાન થાય છે. સાથે જ બીજાના મોઢે પોતાની નિંદા સાંભળવા મળે છે ત્યારે જૂનો ઝઘડો યાદ આવી જાય છે.

બેસવા-ઊઠવા, આવવા-જવા, હળવામળવાની પૂરી સ્વતંત્રતા હોવી જોઈએ, પરંતુ આ સ્વતંત્રતાથી ઘરનાં જરૂરી કામ અટકવાં જોઈએ નહીં. જ્યાં સુધી રુચિ હોય ત્યાં સુધી બંનેએ સાથે બેસવું જોઈએ. એકબીજાને રુચિની વિરુદ્ધ બાંધવાથી અરુચિ અને ઘૃણા વધે છે. એવા વખતે પ્રેમમાં શંકા થવા માંડે છે. એકબીજાના પ્રેમ પર શંકા થવાથી દાંપત્યજીવનની શી દશા થશે, એ કહી શકાતું નથી.

પતિ જો પત્નીનું ધન લઈ લે અથવા પત્ની ધન વધારવાની દૃષ્ટિથી ઘરેણાં વગેરે બનાવવાની હઠ કરે, તો એનાથી બંને વચ્ચે મનભેદ થશે. તેઓ એકબીજાનું સન્માન નહીં કરે, પ્રેમમાં ઢીલાશ આવશે, વેપારી જેવા સંબંધ બની જશે. માટે પૈસા બાબતમાં એકબીજાના અધિકારો પર તરાપ મારવી જોઈએ નહીં. પૈસાનો એટલો બધો મોહ ન રાખવો જોઈએ કે પ્રેમ અને દાંપત્યનું સુખ ભૂલી જવાય.

પ્રેમ કે ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહીને કોઈ પોતાનું કર્તવ્ય પૂરું નથી કરતું ત્યારે થોડા જ દિવસોમાં પ્રેમ નાશ પામે છે. જો કે દાંપત્યમાં પતિપત્ની જીવનનાં બે અંગ બની જાય છે, છતાં પણ એક અંગનું કામ બીજા અંગ પાસે કરાવવામાં આવે તો એક અંગ વધુ પડતા ભારને લીધે દુર્બળ બની જશે. એનાથી આખા શરીરને દુઃખ ભોગવવું પડશે. દાંપત્ય જીવનમાં પણ આવું જ થાય છે. એટલા માટે પ્રેમના નશામાં પોતાનું કર્તવ્ય ચૂકશો નહીં.

પોતાનામાં કોઈ કળા કે સુંદરતા વધારે હોય તો પણ એનો ઘમંડ કરવો જોઈએ નહીં. એકબીજાને ઉતારી પાડવાની ભાવના તો હોવી જ ન જોઈએ. ક્યારેય પોતાની પ્રશંસા કરવી જોઈએ નહીં. દાંપત્યજીવનની પ્રશંસા કરવી જોઈએ.

અહંકાર સૌથી મોટો દુર્ગુણ છે. પતિપત્ની અંદરોઅંદર અહંકાર કરશે તો દાંપત્યજીવન વેરવિખેર થઈ જશે. અહંકારથી દ્વેષ પેદા થાય છે. એટલા માટે દાંપત્યજીવનમાં ભૂલથી પણ અહંકાર કરવો જોઈ નહીં. સમય આવ્યે બીજાની પ્રશંસા કરવાથી પ્રેમ તાજો થાય છે. એમાં મીઠાશ વધે છે.

દુનિયામાં એક એકથી ચઢિયાતા પુરુષ અને એક એકથી ચઢિયાતી સ્ત્રીઓ છે. શક્ય છે કે એમાંથી કોઈની સાથે જો તમારું લગ્ન થયું હોત તો આજના કરતાં તમારું જીવન વધારે સુખી હોત, પરંતુ જે નથી થયું એને અશક્ય સમજી લો. મનમાં એ વિચારને પણ પેસવા દો નહીં. મને કેવો બુદ્ધુ પતિ મળ્યો, મને કેવી ગાંડી પત્ની મળી વગેરે વાતો બેકાર છે. એનાથી એકબીજા વચ્ચે કડવાશ વધે છે.

જીવનને કડવું કે કાંટાળું બનાવીને એને અસહ્ય બનાવશો નહીં. મનની નિર્બળતા, અસહિષ્ણુતા, વિલાસિતા અને અહંકારને કારણે જીવન અસહ્ય બની જાય છે. એનાથી ડગલેને પગલે ક્રોધ ચઢે છે અને વાતવાતમાં અસંતોષ પ્રગટ થાય છે. એનું પરિણામ એ આવે છે કે જે બાહ્ય દુઃખ સરળતાથી સહન કરી શકાય છે, જેમાં બીજાની ખુશીથી સેવા અને સહાનુભૂતિ મળી શકે છે તે દુઃખ દસગણું વધી જાય છે અને સેવા-સહિષ્ણુતા મળવી દુર્લભ બની જાય છે. એટલા માટે મનને ખૂબ મજબૂત બનાવો, પ્રસન્ન રહો, કોઈ દુઃખ પડે તો યોગ્ય સમયે પ્રગટ કરો, એને સહન કરવામાં બહાદુરી બતાવો. મિત્રો પાસે દુઃખનાં રોદણાં રડ્યા કરવાથી તેઓ તમારાથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. પતિ ઘરમાં આવતાની સાથે એવી ચિંતા કરવા માંડે કે આજે પત્ની શું શું ફરિયાદો કરશે, રોદણાં રડશે, તો સમજી લેવું જોઈએ કે પત્નીએ એનું જીવન અસહ્ય બનાવી દીધું છે. પ્રેમ ગમે તેટલો ઊંડો કેમ ન હોય, પણ જો એના મૂળમાં સડો પેસી જશે તો એને ગમે તેટલું પાણી પિવડાવવામાં આવશે તો પણ પ્રેમનું વૃક્ષ સુકાઈ જશે.

એજ પ્રકારે પતિના આવતા પહેલાં પત્નીને એ ચિંતા થાય કે આજે મતિદેવ કઈ વાત પર ઝઘડો કરશે - તો કહેવું જોઈએ કે પતિએ એનું જીવન અસહ્ય બનાવી દીધું છે અને તે પ્રેમનું વૃક્ષ સૂકવવા માટે જવાબદાર છે.

મહિને દહાડે કોઈ વાત પર બોલાચાલી થાય એ વાત જુદી છે, પણ સાધારણ નિયમ એ હોવો જોઈએ કે બંનેને ભેગા મળતી વખતે ખુશી થાય, તમારું હસતું મુખ જોઈને સાથી પણ પોતાનું થોડુંઘણું દુઃખ ભૂલી જાય. પ્રસન્નતાના વાતાવરણમાં એકબીજાનાં મોં બગડવાં જોઈએ નહીં. ક્રોધ, ઝઘડાથી આપણે આપણી અંદરનું દુઃખ વધારીએ છીએ. એટલા માટે પોતાનું જીવન એવું બનાવો કે એનાથી બીજા કોઈને તકલીફ કે દુઃખ ન પડે.

રિવાજ પ્રમાણે પુરોહિત જે પ્રતિજ્ઞાઓ બોલે છે એનું વ્યાવહારિક જીવનમાં કોઈ સ્થાન નથી રહેતું. દાંપત્યજીવન એકબીજા માટે બોજ બની જાય છે. એનું બાહ્ય કારણ કોઈ નથી, પરંતુ પતિપત્ની બંનેના પરસ્પર વ્યવહાર, આચરણમાં વિકાર આવવાથી જ એવી સ્થિતિ પેદા થાય છે. જો

આ નાની વાતો સુધારવામાં આવે તો દાંપત્યજીવનમાં સુખ, શાંતિ તથા આનંદનું સામ્રાજ્ય સ્થપાય.

દાંપત્યજીવનનાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ માટે સૌથી મહત્ત્વની બાબત એ છે કે વ્યવહારમાં એકબીજાની ભાવનાઓનું ધ્યાન રાખવામાં આવે. એક સામાન્ય સિદ્ધાંત એ છે કે મનુષ્યે બીજા સાથે એવો વ્યવહાર કરવો જોઈએ કે જેવો તે પોતાના માટે ઇચ્છે છે. પતિપત્નીએ પણ હંમેશાં એકબીજાની ભાવનાઓ અને વિશ્વાસનું ધ્યાન રાખવું જોઈએ, પરંતુ જોવા મળે છે કે મોટા ભાગના લોકો પોતાની ભાવના અને વિચારોમાં એટલા બધા ખોવાઈ જાય છે કે બીજાના વિચારો તથા ભાવનાઓનું કશું ધ્યાન રહેતું નથી. તેઓ એને નિર્દયતાની સાથે કચડી નાખે છે. આ રીતે બંનેની એકતા અને સહકારની જગ્યાએ અસંતોષ વધે છે. પોતાની ઈચ્છા મુજબ પત્નીને બળજબરીથી કોઈ કામ માટે વિવશ કરવી, એની ઇચ્છા ન હોવા છતાં પણ દબાણ કરવું વગેરે બાબતો પત્નીના મનમાં પતિ પ્રત્યે અસંતોષ પેદા કરે છે. આ રીતે કેટલીય સ્ત્રીઓ પણ પોતાના પતિના સ્વભાવ, રુચિ કે આદેશોનું ધ્યાન રાખ્યા વગર એને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવે છે. પરિણામે એમનું લગ્નજીવન બોજ બની જાય છે. લગ્નજીવન પ્રત્યે એમને ઘૃણા તથા અસંતોષ થવા લાગે છે અને આ અસંતોષનું ઝેર એમના દાંપત્યજીવનને કડવું બનાવી દે છે. જો કોઈની માનસિક સ્થિતિ ઠીક ન હોય તો પરસ્પર લડાઈ ઝઘડા થાય છે, એકબીજા પર દોષારોપણ થાય છે.

પતિપત્નીએ હંમેશાં એકબીજાના ભાવ, વિચારો અને સ્વતંત્ર અસ્તિત્વનું ધ્યાન રાખીને વ્યવહાર કરવો જોઈએ. દાંપત્યજીવનની સફળતાનું આ સોનેરી સૂત્ર છે. પતિની ઇચ્છા ન હોય તો પણ, ઘરની આર્થિક સ્થિતિની પરવા કર્યા વગર સ્ત્રીઓ મોંઘી સાડીઓ, સૌંદર્યપ્રસાધન, સિનેમા વગેરેની માંગણી કરીને અસંતોષનું કારણ બની જાય છે. આ પ્રકારે પતિનો સ્વેચ્છાચાર પણ દાંપત્યજીવનની અશાંતિ માટે ઓછો જવાબદાર નથી. આ બધાં કારણોને લીધે કોઈ ઘર એવું નથી દેખાતું કે જ્યાં સ્ત્રીપુરુષોમાં પરસ્પર અસંતોષ ન હોય.

પરસ્પર એકબીજાની ભાવનાઓમાં સ્વતંત્રતાનું ધ્યાન ન રાખવાનું મુખ્ય કારણ નિરક્ષરતા પણ છે. મોટા ભાગની સ્ત્રીઓ અભણ હોય છે. અભણ હોવાને કારણે પૂરો માનસિક વિકાસ થતો નતી. એને કારણે એક બીજાની ભાવનાઓ તથા વ્યાવહારિક જીવનના વિષયમાં એમને જાણકારી નથી મળતી. એના નિવારણ માટે દરેક પુરુષે થોડો ઘણો સમય કાઢીને પત્નીને ભણાવવા, એનું જ્ઞાન વધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ. જીવનસાથી પોતાને અનુકૂળ હોવો જરૂરી છે. ત્યારે જ તે જીવનમાં સહકાર અને એકતાનો આધાર બની શકે છે, પરંતુ જોવા મળે છે કે મોટા ભાગના લોકો એમાં રસ લેતા નથી. મન તથા બુદ્ધિના વિકાસના અભાવમાં દાંપત્યજીવન સુખી અને સમૃદ્ધ બની શકતું નથી.

યોગ્ય હોવા છતાં પણ અને એકબીજાની ભાવનાઓનું ધ્યાન રાખવા છતાં પણ ક્યારેક ક્યારેક એવો વ્યવહાર થઈ જાય છે કે પતિપત્ની એકબીજાને ગમતાં નથી. એવી સ્થિતિમાં કોઈ પણ એક પક્ષે ક્ષમાશીલતા અને સહિષ્ણુતા બતાવીને તિરાડ વધતી અટકાવવી જોઈએ. સાથે જ બીજા પક્ષે પોતાની ભૂલ સ્વીકારીને, ક્ષમા માગીને મન સાફ રાખવું જોઈએ. એવું ન કરવામાં આવે તો મનભેદ થાય છે અને દાંપત્યજીવનમાં કડવાશ પેદા થાય છે. મહાત્મા સોક્રેટિસ, ટોલ્સટોય જેવા મહાપુરુષોની સ્ત્રીઓ ઝઘડાળુ હતી, એમ છતાં સહનશીલતા, ક્ષમા તથા ઉદારતાથી એમની સાથે જીવન વિતાવ્યું હતું.

સ્ત્રીઓ તો બિચારી પહેલેથી જ પોતાના પતિઓના કડવા સ્વભાવ, વ્યવહાર, નિર્દયતા અને સ્વેચ્છાચારને પણ સહન કરીને દાંપત્યજીવનની ગાડી ચલાવવામાં ફાળો આપતી રહી છે. ત્યાગ અને સહિષ્ણુતા ભારતીય નારીના મહાન આદર્શ છે. પતિપત્નીમાં જ્યારે કોઈ એકમાં ખામી દેખાય તો એનું સહનશીલતા દ્વારા નિરાકરણ કરીને ગૃહસ્થની ગાડી ચલાવવામાં મદદ કરવી જરૂરી છે.

પતિપત્નીનું જીવન એક સિક્કાની બે બાજુ જેવું છે. બંનેમાં અભિન્નતા અને એકતા છે. ભારતીય સંસ્કૃતિમાં તો સ્ત્રીને પુરુષનું અડધું અંગ માનીને એક શરીરની વ્યાખ્યા કરવામાં આવી છે. એમાં પુરુષને અર્ધનારીશ્વર

તથા સ્ત્રીને અર્ધાંગિની કહેવામાં આવી છે. પરસ્પર કોઈ પણ પ્રકારનો બનાવટી વ્યવહાર અને અવિશ્વાસ એકબીજા પ્રત્યે ઘૃણા વધારે છે. એનાથી દાંપત્યજીવન નાશ પામે છે. પોતાના દરેક કાર્યમાં સ્પષ્ટતા અને એકતા દેખાડીને પતિ-પત્નીએ એકબીજાનો વિશ્વાસ મેળવવો જોઈએ. એમ તો શક્ય હોય ત્યાં સુધી દરેક વ્યક્તિએ પોતાના બાહ્યજીવનમાં પણ રહસ્ય, છળકપટ તથા બનાવટી દેખાવથી દૂર રહેવું જોઈએ કારણ કે આ બાહ્ય વ્યવહાર જોઈને પતિપત્ની એકબીજા પર શંકા કરવા લાગે છે. તેઓ વિચારે છે કે શક્ય છે, આવો વ્યવહાર મારી સાથે કરવામાં આવી રહ્યો હોય અને આમ આખું જીવન શંકાની જાળમાં ફસાઈ જાય છે.

પોતાની માનસિક જરૂરિયાતોના આધાર પર પતિ પોતાની પત્નીથી જ જુદા જુદા સમયે સલાહકારની જેમ, ભોજન કરતી વખતે માતાની વત્સલતા, પોતાની સેવા માટે આજ્ઞાંકિત નોકર, જીવનરથમાં અભિન્ન મિત્ર, ગૃહિણી, રમણી વગેરેની આકાંક્ષા રાખે છે. આ રીતે પત્ની પણ પતિ પાસે જીવનના ક્ષેત્રમાં માબાપ, દુઃખદર્દમાં અભિન્ન મિત્ર, કલ્યાણ અને ઉન્નતિ માટે સદ્‌ગુરુ, કામનાઓની તૃપ્તિ માટે ભરથાર વગેરેના વ્યવહારની અપેક્ષા રાખે છે. જ્યારે પરસ્પર જરૂરિયાતો પૂરી નથી થતી ત્યારે એકબીજામાં અસંતોષ અને અશાંતિ પેદા થાય છે. એનાથી દાંપત્યજીવનમાં વિકૃતિ પેદા થાય છે.

એકબીજાની ભાવનાઓનું ધ્યાન રાખીને, પરસ્પર ક્ષમાશીલતા, ઉદારતા, સહિષ્ણુતા દ્વારા એકબીજાની માનસિક તૃપ્તિ કરીને જીવનને સુખી-સમૃદ્ધ બનાવી શકાય છે. એના માટે વધારે પડતા પ્રયત્નો પુરુષોએ કરવા પડે છે. તેઓ પોતાના પ્રયત્ન અને વ્યવહારથી ગૃહસ્થજીવનની કાયાપલટ કરી શકે છે. પોતાના સુધારની સાથે જ સ્ત્રીઓના શિક્ષણ, જ્ઞાનવૃદ્ધિ તથા કલ્યાણ માટે હાર્દિક પ્રયત્ન કરીને દાંપત્યજીવનને સફળ બનાવી શકાય છે. ધૈર્ય અને વિવેકની સાથે એકબીજાને સમજીને પોતાના સ્વભાવ તથા વ્યવહારમાં ફેરફાર કરીને જ દાંપત્યજીવનને સુખશાંતિયુક્ત બનાવી શકાય છે.

કન્યાઓને લગ્ન થતા સુધી જ માતાની મમતા અને પિતાનો પ્રેમ

મળે છે. પછીનું જીવન એમને સાસરીમાં વિતાવવું પડે છે. માતાપિતા એમને આરામ આપવાની દષ્ટિથી ઓછું કામ કરાવે છે. લગ્ન પછી પણ દીકરીના સુખી જીવનની ઇચ્છા રાખે છે. ભાગ્યે જ કોઈક એવાં માબાપ હશે જે પોતાની દીકરીને દુઃખી દેખવા માગતાં હોય. તેઓ એના દુઃખની રામકહાની સાંભળીને દુઃખી થાય છે. એમનું સ્વપ્ન અધૂરું રહી જાય છે. તેઓ દીકરીના ભાગ્યને દોષ દે છે. સાસરી પક્ષની ઈચ્છા એ હોય છે કે વહુ વધારે કામ કરે અને પિતા પક્ષવાળાંની ઇચ્છા એ હોય છે કે દીકરીને આરામ મળે. આ કારણે બંને પક્ષ વચ્ચે કટુતા વધે છે. વાત વધી જતાં ક્યારેક ક્યારેક છુટાછેડાનું સંકટ ઊભું થાય છે.

બંને પક્ષોની આ ઈચ્છાઓ પૂરી કરવા માટે કન્યાને સફળ ગૃહિણી બનવું પડે છે. જો તેનામાં કુશળતા નહિ હોય તો સુખી જીવન નરક બની શકે છે. એવા સમયે છોકરીના ભણતર, એના કુળ, એના સૌંદર્ય કે મધુરતાની કોઈ કિંમત નથી રહેતી. નારી ગૃહલક્ષ્મી છે અને જો તે આ ક્ષેત્રમાં અસફળ રહે તો આ વાત એના ગૌરવની વિરુદ્ધ છે. કૌટુંબિક ઝઘડાનું નાનું રૂપ ભવિષ્યમાં મોટું બની જાય છે. એ વખતે વહુનું પુસ્તકિયું જ્ઞાન અને રૂપસૌંદર્ય કશા કામમાં નથી આવતું.

છોકરીઓ લગ્નજીવનમાં દાંપત્યસુખની ઈચ્છા રાખે છે. જ્યારે એને એની અકુશળતાનાં મેણાં સાંભળવાં પડે છે અને દુઃખ પડે છે ત્યારે એની આ ઈચ્છા મૃગતૃષ્ણા બની જાય છે. એનું જીવન નીરસ અને દુઃખી બની જાય છે. એના વ્યક્તિગત જીવનમાં તર્કન્દ્વ અને કૌટુંબિક સંબંધોમાં ઝઘડા થાય છે ત્યારે એમને ખબર પડે છે કે ઘરનાં કાર્યોમાં વ્યવસ્થા જાળવવી એ તલવારની ધાર પર ચાલવા જેવું છે. એ વખતે એમને પસ્તાવો થાય છે કે પિતાને ઘેર બાળપણથી જ ઘરનાં સઘળાં કામકાજ શીખી લીધાં હોત તો આવું દુઃખ ન પડત.

પરંતુ છોકરીને બાળપણમાં એનાં કર્તવ્યોનું ભાન હોતું નથી. તે મોજમજાનું જીવન પસંદ કરે છે. સંપૂર્ણ સુખસગવડને જ તે પોતાનું સૌભાગ્ય સમજે છે. જો લાંબો વિચાર કરવામાં આવે તો ખબર પડશે કે તે છોકરીનું

ભાવિ જીવન બગાડવાનો દોષ છોકરીનો નથી, પણ એનાં માતાપિતાનો છે. તેઓ છોકરીને બાળપણમાં લાડપ્યારથી ઉછેરે છે, પણ ઘરનાં કામકાજ શિખવાડતાં નથી. એમનો આ વ્યવહાર કન્યાનું ભાવિ જીવન બગાડે છે.

જો છોકરીનાં માબાપ એનાં લગ્ન થતા પહેલાં એને ગૃહસ્થીનું કામકાજ શિખવાડે તો એવી સમસ્યાં ઊભી ન થાય. ભોજન બનાવવું, પીરસવું, વાસણો માંજવાં વગેરે રસોઈ સંબંધિત કાર્ય, કૌટુંબિક સભ્યો તથા મહેમાનો સાથેનો વ્યવહાર, બોલચાલ, પથારી કરવી કપડાંની સાચવણી, ઘરની સફાઈ, બજેટમાં બચત, શિષ્ટતા વગેરે કામ એવાં છે, જે છોકરીએ પિતાને ઘેર જ શીખી લેવાં જોઈએ. આ કર્તવ્ય ચૂકી જવાથી એમને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપથી દુઃખ સહન કરવું પડે છે. સાસરીમાં અપમાન કે તિરસ્કાર સહન કરવાં પડે છે. આ બધી વાત જાણતા હોવા છતાં છોકરીને કામકાજ શિખવાડવામાં આળસ કરવામાં આવે તો એને માબાપનું દુર્ભાગ્ય જ કહેવું પડશે. માતાપિતાનું કર્તવ્ય છે કે તેઓ પોતાની પુત્રીને ગૃહકાર્યમાં હોશિયાર બનાવે. દાંપત્યજીવનની સફળતાનો આ એક મોટો આધાર છે.

## ગૃહસ્થની સફળતા ગાઢ આત્મીયતા પર આધાર રાખે છે

વિવાહિત જીવનમાં જે હાહાકાર જોવા મળે છે એનું મુખ્ય કારણ એ છે કે પતિનું કર્તવ્ય ફક્ત ઉપદેશ સુધી જ પૂરું થઈ જાય છે. પતિ એ ભ્રમમાં રહે છે કે ઘરનો બધો ભાર સ્ત્રીએ જ ઉપાડવાનો હોય છે. તે સ્ત્રીને એનું કર્તવ્ય પણ બતાવે છે અને જ્યારે સ્ત્રી એનું પાલન કરી શકતી નથી ત્યારે તે ગુસ્સે ભરાય છે. તે વિચારે છે અને કહે છે પણ ખરો કે આ ઝંઝટ ક્યાંથી ઊભી કરી, એના કરતાં તો કુંવારા હતા ત્યારે સારું હતું. ન કોઈ ચિંતા ન કોઈ ઝંઝટ, બધાં સ્વપ્નો તૂટી ગયાં. તે લાંબો નિસાસો નાખે છે અને નસીબ પર રડે છે. એનું મન અંધકારથી ભરાઈ જાય છે.

આ ઝેર પતિ પરથી પત્નીના હૃદય પર હુમલો કરે છે. ત્યાંથી બાળકો અને બીજા સભ્યોમાં ફેલાઈ જાય છે. પછી પતિની જેમ સ્ત્રી પણ વિચારવા

લાગે છે કે પહેલાં મારું શરીર કેવું સોના જેવું હતું, માબાપે મને ક્યારેય હાથ અડાડ્યો નથી અને મને જે જોઈએ તે આપ્યું છે. આજે મારે આ બધું સહન કરવું પડે છે. એના કરતાં તો મોત સારું. મેં એમના માટે શું શું નથી કર્યું? શું શું નથી સહ્યું? છતાં પણ આવું કેમ? ત્યારે એને બાળપણના દિવસો યાદ આવે છે. એ વખતે તો ચારે બાજુ આનંદ અને સુખસગવડ હતાં. માતાપિતાનો પ્રેમ, ભાઈબહેનનો સ્નેહ. એ દિવસો તો હવે સ્વપ્ન જેવા બની ગયા. મેં માતાપિતા, બહેનપણીઓ છોડી. હવે મારું કોણ છે?

જે સ્ત્રી ઘર માટે લક્ષ્મી હતી અને જેનું અમૃત પીને બાળકોએ ઘરને સ્વર્ગ બનાવ્યું હતું, તે સ્ત્રી પોતાને ભૂલી જાય છે. તેનું જીવન ઝેર બની જાય છે ત્યારે એનામાં જાતીય વેદનાનો બોધ જાગે છે. તે બીજી સ્ત્રીઓને પોતાનું દુઃખ સંભળાવતાં કહે છે- "બહેન, આપણે સ્ત્રીઓ તો દુઃખ સહન કરવા માટે પેદા થઈ છીએ. આપણા નસીબમાં સુખ ક્યાં છે?" આ ખોટા ભાવોથી એના દિલનો દીવો હોલવાઈ જાય છે. જિંદગી એક ભાર બની જાય છે.

કોઈ શેતાન અંધવિશ્વાસોમાં પણ હંમેશને માટે દેવતા બનીને રહી શકતો નથી. દેવતા બનવા માટે દેવતા જેવું કામ પણ કરવું પડે છે. દેવતા બનવાનો પ્રયત્ન સાચા મનથી કરવો જોઈએ. માનવતાની અનુભૂતિ જ સાચા દેવત્વની જનની છે. ભૂલો મનુષ્યોથી થાય છે. એટલા માટે હું જિંદગીના પથ પર ચાલતા પતિ કે પત્નીને કાંટો વાગશે તો એમનું અપમાન નહીં કરું, પરંતુ હું માનું છું કે સચ્ચાઈ અને વફાદારી ત્યારે મળી શકે છે કે જ્યારે આપણે આપણાં દિલ સાફ રાખીએ અને જે ભૂલ થઈ જાય એને સમજવા, એને સ્વીકારવા અને પશ્ચાત્તાપ કરવા માટે તૈયાર રહીએ. તો જ જીવનનું સાચું સુખ મળી શકશે અને વિકાસ થશે.

પતિએ એવું ન વિચારવું જોઈએ કે હું સારો કે ખરાબ હોઉં, પણ મારી સ્ત્રી તો દેવી જેવી જ હોવી જોઈએ અને એનું કર્તવ્ય મારી સેવા, મારી પૂજા કરવાનું જ છે. સ્ત્રીનું કર્તવ્ય ગમે તે હોય, પણ પરંપરાથી ચાલ્યા આવતા અધિકારથી એને બતાવી શકીએ નહીં. આજના પ્રગતિશીલ યુગમાં એને સમાન અધિકાર આપવો પડશે. એને જીવનસાથી માનીશું તો જ નભી શકશે.

ફક્ત સિદ્ધાંતો અને દલીલોથી તલનો તાડ બનાવવાથી કામ નહીં ચાલે. એના માટે પતિએ પત્નીની દુર્બળતા નહીં, પણ પોતાની દુર્બળતા જોવી પડશે. પુરુષને પોતાના કર્તવ્ય અને મહત્ત્વનું ભાન હોવું જોઈએ. પોતાની દુર્બળતા દૂર કરવા માટે સાચા મનથી પ્રયત્ન કરવો જોઈએ. આ અંધશ્રદ્ધાનો જમાનો નથી. પોતાની આંખોમાં નિશ્ચય અને હોઠો પર પ્રશ્ન લઈને આજે નારી જાગી ઊઠી છે. હવે લૂલાલંગડા, વ્યભિચારી પતિની પૂજાનો સિદ્ધાંત ચાલી શકશે નહીં. એવી આશા પણ રાખવી જોઈએ નહીં. સદાચારી, ઈમાનદાર અને પત્નીવ્રતનું પાલન કરનાર પતિના મુખેથી એવી વાત પળવાર માટે સહન કરી શકાય છે, પણ જે પોતે દુર્બળ છે એના મુખે આ વાત સાંભળતાં એમાં સ્વાર્થનાં દર્શન થાય છે.

એટલા માટે પતિદેવોએ પોતાનો એ ભાવ છોડી દેવો પડશે કે પત્ની એની પૂજારણ છે. તેને તો આજે પણ હું એ જ કહીશ કે પતિસેવાનો ભાવ એના માટે કલ્યાણકારક છે, પણ પતિને તો એમ જ કહેવું પડશે કે પોતાના સંબંધમાં આવો ભાવ રાખવામાં આવશે તો નરકની યાતના ભોગવવી પડશે. પતિએ જિંદગીનો બોજ ઉઠાવવામાં પોતાની પત્ની કરતાં વધારે વફાદારીની સાબિતી આપવાની છે. પત્નીના દોષ જોવાના બદલે પોતાને સુધારવાના પ્રયત્ન કરવા જોઈએ.

મનુષ્યની સૌથી મોટી ખામી એ છે કે તે બીજાની જેટલી કઠોર કસોટી કરે છે એટલો જ તે પોતાના વિષયમાં નરમ બની જાય છે. બીજાની જિંદગીને તે ઊંચા માપદંડથી માપે છે અને પોતાની ભૂલો માટે જાતજાતનાં બહાનાં કાઢે છે. સામાજિક અને ઘરના સંબંધોમાં વિષમતા પેદા થવાનું આ એક મોટું કારણ છે. જો મનુષ્ય પોતાના માટે જેટલો ઉદાર રહે છે એટલો બીજા માટે રહે તો આપણી અડધી સમસ્યાઓ ઉકલી જાય. આપણી વચ્ચે મોટા ભાગના ઝઘડા એટલા માટે થાય છે કે આપણી આંખો બીજાના દોષદુર્ગુણ જોવા ટેવાઈ ગઈ છે, જ્યારે આપણામાં રહેલો મોટામાં મોટો દોષ પણ જોઈ શકતા નથી.

દાંપત્યજીવનના સંબંધમાં પણ આ જ વાત છે. એક રિવાજ પ્રમાણે પતિદેવોએ પોતાના અને પોતાની પત્ની માટેના નીતિનિયમો ઘડી રાખ્યા

છે. પતિ એમાં થોડી છૂટછાટ લે તો ચાલી જાય છે, પણ જો પત્નીથી થોડી ભૂલ થઈ જાય તો એને કઠોર દંડ આપવામાં આવે છે. મનોરંજક વાત તો એ છે કે આજનો સભ્ય પુરુષ બીજાની વહુબેટીઓ સામે કામુક દૃષ્ટિથી જુએ છે અને પોતાની પત્ની પાસે સતી સાવિત્રી થવાની આશા રાખે છે. આવી મનોવૃત્તિ પર દયા આવે છે.

તમે પોતાની પત્ની પાસેથી વધારે આશાઓ રાખો એના કરતાં વધુ સારું એ છે કે તમે એના પ્રત્યેના તમારા કર્તવ્યનું પાલન કરો. શાંતિમય અને પ્રેમયુક્ત ગૃહસ્થજીવનનું સૌથી મોટું રહસ્ય એ છે કે એમાં પોતાના સુખ કરતાં જીવનસાથીનું સુખ અને હિત પહેલું જોવું પડે છે. બીજાનું હિત જોવાથી પોતાના હિતનું રક્ષણ થાય છે. આત્મજ્ઞાન જ સાચા સુખની ચાવી છે.''

એ કહેવું ખોટું છે કે સ્ત્રી રૂપવાન હશે તો દાંપત્યજીવન સફળ થઈ જશે. વાસ્તવમાં વૈવાહિક જીવનમાં રૂપનું સ્થાન ગૌણ છે. નારી રૂપવતી ન હોય તો પણ તમે સુખી થઈ શકો છો અને રૂપવતી હોય તો પણ સંભવ છે તમે દુ:ખી હો. સાચી વાત તો એ છે કે વૈવાહિક જીવનનું સુખ કાવ્યનો કાલ્પનિક આનંદ નથી. કઠોર પરિશ્રમ કરીને એક એવું જીવન ઘડવાનો પ્રયત્ન છે, જેમાં નારી અને પુરુષ ભેગાં રહીને સ્વાર્થ અને પરમાર્થનો સમન્વય કરે છે.

ફક્ત રૂપ જોઈને કોઈ નિર્ણય કરશો નહીં. શક્ય છે કે તમારી સાથે ભણતી છોકરીએ પોતાની ચાલાકી, શોખ અને સૌંદર્યથી તમારા મગજ પર નશાની જેમ અધિકાર સ્થાપી દીધો હોય. તમે સમજો છો કે તમે બંને એકબીજાને દિલથી ચાહો છો. તમે કહો છો કે એ છોકરી વગર તમે સુખી નહીં થઈ શકો અને તમે બીજા સાથે લગ્ન કરવાનું વિચારી પણ શકતા નથી. એ યુવાની જ એવી ચીજ છે જે ભવિષ્ય માટે ઉતાવળથી કામ કરે છે, પણ હું તો એજ કહીશ કે ઉતાવળ કરશો નહીં. તમારામાં જે ભરતી આવી છે એને શાંત પડવા દઈ અને શાંતિથી વિચારો કે તમારી માનસિક સ્થિતિ કેવી છે? શું તમે શાંતિથી પોતાના સંબંધમાં વિચારી શકો છો? ભાવાવેશમાં નિર્ણય લેશો નહીં. હું એવાં કેટલાંય ઉદાહરણ આપી શકું છું, જેમાં લગ્ન પહેલાં છોકરો-છોકરી એકબીજાને ચાહતાં હતાં. એમનું કહેવું હતું કે તેઓ દિલથી

પ્રેમ કરે છે, રૂપને નહીં, પરંતુ લગ્ન પછી એમના પ્રેમનાં સ્વપ્ન તૂટી ગયાં. બિચારી સ્ત્રીઓ એવા મામલામાં ખોટમાં રહે છે. સ્ત્રીઓએ પુરુષોના પ્રેમની ચકાસણી કરી લેવી જોઈએ, કારણ કે મોટા ભાગે રૂપને જોઈને પુરુષો પ્રેમ કરતા હોય છે. હું તો કહીશ કે જે સ્ત્રી પોતાના રૂપનો ઉપયોગ કરીને પુરુષોને આકર્ષે છે તેમના ભાગ્યમાં પસ્તાવો જ લખેલો છે, કારણ કે તે પુરુષની હલકી વાસના જગાડીને દાંપત્યજીવનની શરૂઆત કરે છે અને જ્યારે જીવનની બપોર પછી સુંદરતા ઓછી થાય છે ત્યારે રૂપવાસનાનો ભૂખ્યો પુરુષ બીજી સ્ત્રીની શોધ કરે છે. જે જીવન રૂપના પાયા પર ઊભુ છે અને જેમાં આત્મસંયમ, ત્યાગ તથા જીવનનાં સ્થાયી તત્ત્વો નથી તે વધારે દિવસ કેવી રીતે ચાલી શકે?

આધુનિક યુવતીઓમાં પુરુષને આકર્ષવાની પ્રવૃત્તિ વધારે જોવા મળે છે. તે પોતાને વધારે સુંદર બનાવવા માટે સમય અને શક્તિ વેડફે છે. જીવનમાં શરીરનું મહત્ત્વ વધી ગયું છે. એના કારણે 'રમણી'નો વિકાસ થઈ રહ્યો છે અને 'માતા'નું રૂપ બોજ નીચે દબાઈ ગયું છે. નારીના સ્વતંત્ર વિકાસનો દાવો કમજોર બની ગયો છે અને જીવનમાં ચારે બાજુ ભોગ તથા અધિકારની સ્વાર્થી વાસનાઓ જાગી ગઈ છે. પુરુષ અને સ્ત્રીનો સ્વભાવિક વિકાસ અને ઓજસ નાશ પામ્યાં છે. ચારે બાજુ ભોગવિલાસ જોવા મળે છે. ચહેરા નિસ્તેજ બની ગયા છે.

આજકાલ મોટા ભાગે રૂપતૃષ્ણાને પ્રેમ સમજી લેવામાં આવે છે. રૂપતૃષ્ણામાં અધિકાર અને ભોગની ભાવના હોય છે, જ્યારે પ્રેમ સુખ અને સગવડનું બલિદાન આપવા તૈયાર હોય છે. સાચા પ્રેમનો પાયો ઊંડો હોય છે. એમા ભાવના, કર્તવ્ય તથા કલ્યાણની ઈચ્છા હોય છે. જેઓ ઉદાર દૃષ્ટિકોણ અને કર્તવ્યને લઈને ચાલે છે તેઓ વૈવાહિક જીવનમાં સફળતા મેળવે છે. સોનેરી સ્વપ્નોના મહેલ વાસ્તવિકતાના ધક્કાથી તૂટી જાય છે કારણ કે પતિપત્નીને સમાજની કઠોર પરિસ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. દુનિયાના કાંટાળા રસ્તા પર સોનેરી સ્વપ્નો લઈને ચાલી શકાતું નથી.

એટલા માટે આજકાલ જેને પ્રેમલગ્ન કહેવામાં આવે છે એના કરતાં કર્તવ્યલગ્ન વધારે સફળ થાય છે. પ્રેમલગ્નમાં આકાંક્ષા અને અપેક્ષાઓ મોટા

ભાગે કાલ્પનિક હોય છે, જ્યારે કર્તવ્યલગ્નમાં મનુષ્ય વાસ્તવિકતાની ભૂમિ પર હોય છે. હું કર્તવ્યનું મહત્ત્વ આંકું છું ત્યારે પ્રેમની શ્રેષ્ઠતાને ભૂલતો નથી. હું માનું છું કે પ્રેમ વગરનું દાંપત્યજીવન આત્મા વગરના શરીર જેવું છે. હું એટલું જ કહેવા માગું છું કે પ્રેમ પર ઉદ્વેગસ્વાર્થનું આવરણ ચઢે છે ત્યારે તે ઝેર બની જાય છે. તે વખતે તે શુદ્ધ પ્રેમ હોતો નથી. પ્રેમ બધું આપીને પણ પૂર્ણ રહે છે.

જે પ્રેમમાં ત્યાગ અને વિવેક નથી એને પ્રેમ સમજવાની ભૂલ કરશો નહીં. સાચો પ્રેમ હંમેશાં વિવેકથી પ્રકાશે છે. ગૃહસ્થજીવનમાં પ્રેમ અને વિવેકનું મિલન કરીને ચાલવું જોઈએ.

એટલા માટે જ્યાં જીવનસાથી પસંદ કરવાનો સવાલ ઊભો થાય ત્યાં હૃદય અને મગજ બંનેનું સંતુલન કરીને, શાંત ચિત્તે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. તમારે વર્તમાનની સાથે ભવિષ્યનો પણ ખ્યાલ રાખવો જોઈએ. તમારા જીવન માટે તમે જવાબદાર છો. પસંદગીનો છેલ્લો નિર્ણય તમારા પર છે. તમે વિચારો અને નિર્ણય કરો. તમે તમારા નિર્ણય સાથે વડીલોની પણ સલાહ લો. વડીલોએ તમારા કરતાં દુનિયા વધારે દેખી છે, તડકી-છાંયડી વધારે જોઈ છે.

હું એ નથી કહેતો કે રૂપની કોઈ કિંમત નથી, પણ હું એટલું જરૂર કહીશ કે જીવનના સંઘર્ષમાં આ હલકી અને ક્ષણભંગુર ચીજના ભરોસે તમે વધારે સફળતા મેળવી શકશો નહીં. એના કરતાં વધારે નક્કર ચીજની જરૂર છે. રૂપના મોહમાં આંધળા બનીને ચાલશો નહીં, રૂપ તો સંયોગથી મળેલો પદાર્થ છે. મતલબ કે એને મેળવવા માટે છોકરીએ કોઈ પ્રયત્ન નથી કર્યો. રૂપથી તો એના કુસંસ્કારોની પણ ખબર નથી પડતી. તો પછી તમે એની પાછળ ઘેલા ગાંડા શા માટે બનો છો? તમે છોકરીમાં સૌથી પહેલાં શીલ, ગુણ અને સ્વભાવ કેમ નથી જોતા? રૂપ કેમ જુઓ છો? મધુર બોલી, સહનશીલ સ્વભાવ, પરિશ્રમશીલતા, સંતોષવૃત્તિ, ઉદાર મન- આ એવી ચીજો છે, જેના કારણે નારીને ગૃહલક્ષ્મી કહેવામાં આવી છે, પરંતુ આજે આ બધા પર કોણ ધ્યાન આપે છે? આજકાલના યુવકો તો સ્ત્રીમાં રૂપ અને યૌવનની શોધ કરે છે. એટલા માટે જ એમને લગ્ન પછી પસ્તાવું પડે છે.

"જો કે લગ્ન એ કાંઈ સામાન્ય વ્યાપારિક અર્થમાં સોદો નથી, પણ વ્યાપક અને શ્રેષ્ઠ અર્થમાં એક મુશ્કેલ સોદો છે. ગૃહસ્થજીવનનો પાયો સંપૂર્ણ આત્મીયતા છે. બાળકો એક સમયે ભૂખ્યાં રહેશે, પણ માતાપિતાને છોડીને ચાલ્યાં નહીં જાય. પોતાનાં સુખસગવડ ભૂલીને સ્ત્રી રાતદિવસ પોતાના પતિ અને બાળકોની સેવા કરે છે. એક જ ભૂખ, એક જ તરસ. પ્રેમ અને મમતાનું, આત્મીયતાનું બંધન જ એવું છે, જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ મનુષ્યને જોડી રાખે છે. પારસ્પરિક પ્રેમ, સ્નેહ મેળવીને ગરીબ કુટુંબોમાં પણ લોકો સંબંધ તોડતા નથી, પરંતુ આત્મીયતાના અભાવમાં ધનવાન વ્યક્તિ પણ લડે છે, ઝઘડે છે.

એવી ફરિયાદો દરરોજ સાંભળવા મળે છે કે "અમારે ભાઈ-ભાઈને બનતું નથી.' અમારું દાંપત્યજીવન દુઃખી છે, અમારા ઘરમાં ઝઘડા બહુ થાય છે. આ તો હવે સામાન્ય વાત બની ગઈ છે. આવી વાતો પરથી ખ્યાલ આવે છે કે આજનો સમાજ કેટલો દુઃખી છે. એનો કોઈ ઈલાજ થવો જોઈએ.

શું કોઈ બહારનો ઈલાજ સાર્થક થઈ શકે છે? ના. આપની આ સમસ્યા કોઈ દલાલથી ઊકલી શકશે નહીં. મન ખરાબ હોય તો ભગવાન પણ એ સ્થિતિને સુધારી શકે નહીં. બીજા લોકો સામે રોદણાં રડ્યા કરતાં એ બધી સમસ્યાઓનું મૂળ કારણ પોતાની અંદર જ શોધવું જોઈએ, ત્યારે જ સંબંધ સુધરી શકશે અને પરિણામ પણ સારું આવશે.

બે ભાઈઓ વચ્ચે ઝઘડો થાય છે એમાં એક ભાઈ બીજાને મારવા માટે તૈયાર થઈ જાય છે. બીજી બાજુ એક ભાઈનું દુઃખ સાંભળીને બીજો ભાઈ મદદ કરવા દોડી આવે છે અને એના માટે મોટામાં મોટો ત્યાગ કરવા તૈયાર થાય છે. આ બે પરિસ્થિતિઓમાં આસમાન-જમીન જેટલું અંતર છે. આ અંતર પર વિચાર કરવાથી એ નિર્ણય પર પહોંચીએ છીએ કે એનું મુખ્ય કારણ છે- આત્મીયતા ન હોવી. ધનદોલતથી કોઈના સંબંધ સુધરતા-બગડતા નથી. ભાગ પાડવાનો ઝઘડો ત્યારે ઊભો થાય છે કે જ્યારે સ્વાર્થ પેદા થાય છે. ન્યાય, નીતિથી કામ લે તો ઝઘડો શા માટે થાય? પોતાને મોટા માનવા અને બીજાને હલકા માનવાની વિકૃતિ જ કલહ પેદા કરે છે. એક મનુષ્ય બીજાના સુખનું ધ્યાન રાખે તો કોઈના સંબંધ બગડે શા માટે?

દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ખામી તો હોય છે. જે પુત્ર આખો દિવસ ખેતરમાં કામ કરતો હોય, મુશ્કેલીઓ સામે સંઘર્ષ કરતો હોય તો શક્ય છે કે તે તીખા અવાજે બોલતો હોય. એને મા પોતાના દીકરાનો ગુણ માને છે, દુર્ગુણ નહીં. પત્નીને જો પોતાની સેવાના બદલામાં કોઈ અધિકાર મળે તો એ એની સ્વાભાવિક વૃત્તિ કહેવાશે. એને દોષ નહીં કહેવાય. સેવાના બદલામાં સુખ અને મહેનતના બદલામાં પ્રેમ આપવો એ મનુષ્યનો ધર્મ છે. આ સદ્‌ગુણોની વચ્ચે જો કોઈ નાનો દુર્ગુણ હોય તો એની ઉપેક્ષા કરવી જોઈએ. જેમ કે લીમડાના ગુણોના લીધે કડવાશની ઉપેક્ષા કરવામાં આવે છે. બાળક સવારથી લઈને સાંજ સુધી દોડાદોડ, તોડફોડ અને ખર્ચ કરે છે. આટલું કરવા છતાં પણ તે માતાપિતા પાસે પ્રેમ અને સ્નેહનો અધિકાર રાખે છે. બાળકને એ પ્રેમ મળે છે, કારણ કે તે એનો માનવીય અધિકાર છે. બાળકોની જેમ મોટાં પણ પોતાની મહેનતના બદલામાં સન્માન અને સહકારની અપેક્ષા રાખે છે. જ્યારે આ અધિકાર ન મળે ત્યારે સંબંધ બગડે છે.

ત્યાગ અને ઉદારતાનો માનવીય અધિકાર ગરીબ-તવંગર બધા માગે છે. એ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે કે સમાજની દરેક વ્યક્તિ એની ઉપેક્ષા કરે છે. બધા એવું વિચારે છે કે સમાજની દરેક વ્યક્તિ કામની નથી એમના ઉપર પરોપકાર કરવાથી શું લાભ થવાનો છે? પરંતુ આ વાત યોગ્ય નથી. કોઈ પણ વ્યક્તિ સાથે ત્યાગ અને ઉદારતા રાખવામાં આવે તો તે નિષ્ફળ જતી નથી. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે આ પ્રકારની ઉદારતાથી ડાકુને પણ સંત બનાવી શકાય છે. વાલ્મીકિ અને અંગુલિમાલ જેવી હિંસક વ્યક્તિઓને પણ દયા, ક્ષમા, ત્યાગ અને ઉદારતાએ સંત બનાવી દીધા, તો કુટુંબના લોકોને તો આ સદ્‌ગુણો દ્વારા સરળતાથી સુધારી શકાય છે.

માના હૃદયને વિશાળ કહેવામાં આવે છે, કારણ કે તે લાયક અને નાલાયક બંને દીકરાઓને એક આંખે, એક ભાવનાથી જુએ છે. માતાના હૃદયમાં સદ્‌ગુણી બાળક માટે જેટલો પ્રેમ હોય છે, એટલો જ પ્રેમ દુષ્ટ બેટા પ્રત્યે પણ હોય છે. નાલાયકને સુધારવા માટે તે વધારે પ્રેમ કરે છે. માતાની જેમ બધા લોકોનાં હૃદય ઉદાર બની શકે છે. જો આપણે પોતાને બધા કરતાં વધારે શાણા સમજતા હોઈએ તો આપણે બધાનો આદર કરવો

જોઈએ. આત્મીયતાથી સ્વાર્થ દૂર થાય છે અને ત્યાગની શુદ્ધિ થાય છે. આ બે સોનેરી સૂત્રો અપનાવીને સંબંધો સુધારી શકાય છે. સુધરેલા સંબંધોને ગાઢ બનાવી શકાય છે. કૌટુંબિક જીવનમાં જો સમતા, વ્યવસ્થા, સુખ અને શાંતિ રાખવાં હોય તો દરેક વ્યક્તિએ આત્મીયતાનો પાઠ ભણવો પડશે.

ભાવનાઓને વધારવાની, શુદ્ધ કરવાની વાત મુશ્કેલ નથી. એનાથી તમોને જ ફાયદો થશે. ઉદાર વ્યક્તિ બહારથી ભલે ખોટમાં રહેતી હોય એવું લાગે, પણ જો એની અંદર ડોકિયું કરીને જોવામાં આવે તો એમાં સંતોષના મહાસાગરનાં દર્શન થાય છે. એને આધ્યાત્મિકની સાથે ભૌતિક લાભ પણ થાય છે.

પારિવારિક સંગઠન માટે આત્મીયતા હોવી જરૂરી છે. એનાથી સુખ અને સંપત્તિ વધે છે. દાંપત્યજીવનમાં કોઈ અભાવ રહી શકતો નથી. આત્મીયતા ભાવનાઓનો ફેલાવો છે. આપણે પોતાની ધર્મપત્ની, ભાઈ-બહેનો પ્રત્યે જેવી ભાવનાઓ રાખીશું એવા સંબંધ બંધાશે. સારી ભાવનાઓનું ફળ તરત જ જોઈ શકાય છે. દુર્ભાવનાઓથી સંબંધ બગડે છે.

કૌટુંબિક સંગઠન ગૃહસ્થની ઉન્નતિની કરોડરજ્જુ છે. તે જેટલું મજબૂત હશે એટલો જ સમાજ, વ્યક્તિ અને દેશ પણ મજબૂત હશે. મનુષ્યજીવનનાં સુખસગવડો એમાં સમાયેલાં છે. આપણી પાસે ધન અને સાધન વધારે હોય તો સારું. બહુ સારું મકાન, ઉચ્ચ શિક્ષણ ન હોય તો પણ કામ ચાલી શકે છે, પરંતુ કૌટુંબિક આત્મીયતા વગર એક ડગલું પણ આગળ વધી શકાતું નથી. સુખી ગૃહસ્થજીવન માટે ભાઈ-ભાઈ વચ્ચે અતૂટ પ્રેમ, પિતા-પુત્રમાં ઊંડી આત્મીયતા, પતિ-પત્ની વચ્ચે એકતા અને વિશ્વાસ હોવાં જરૂરી છે. જો આટલું હોય તો ઘર સ્વર્ગ બની જાય છે. તેને બીજે શોધવાની જરૂર પડતી નથી.

આપણે પોતે જ સ્વર્ગ અને નરકનું નિર્માણ કરીએ છીએ. સૌએ આટલી વાત સારી રીતે સમજી લેવી જોઈએ. તો જ એ પ્રમાણે આચરણ કરી શકાશે અને ગૃહસ્થજીવનમાં સ્વર્ગ ઊતરી આવશે.

## ૧. ગાયત્રીવિદ્યા પ્રથમ સેટ

૧. ઈશ્વરનું વિરાટ સ્વરૂપ
૨. બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ
૩. શક્તિનો સદુપયોગ
૪. ધનનો સદુપયોગ
૫. સંકટમાં સ્વસ્થતા
૬. નારીની મહાનતા
૭. ગૃહલક્ષ્મીની પ્રતિષ્ઠા
૮. પ્રકૃતિનું અનુસરણ
૯. માનસિક સંતુલન
૧૦. સહયોગ અને સહિષ્ણુતા
૧૧. ઈન્દ્રિય સંયમ
૧૨. પવિત્ર જીવન
૧૩. સ્વાર્થ અને પરમાર્થનો સમન્વય
૧૪. સર્વતોમુખી ઉન્નતિ
૧૫. ઈશ્વરીય ન્યાય
૧૬. વિવેકની કસોટી
૧૭. જીવન અને મૃત્યુ
૧૮. ધર્મનો મજબૂત આધાર
૧૯. પ્રાણઘાતક વ્યસન
૨૦. સાવધાની અને સુરક્ષા
૨૧. ઉદારતા અને દૂરદર્શિતા
૨૨. સ્વાધ્યાય અને સત્સંગ
૨૩. આત્મજ્ઞાન અને આત્મકલ્યાણ
૨૪. સંતાનો પ્રત્યેની ફરજો
૨૫. શિષ્ટાચાર અને સહયોગ

૪. ગાયત્રીનો વૈજ્ઞાનિક આધાર
૫. ગાયત્રી મહાયજ્ઞનાં વિધિવિધાન અને રહસ્ય
૬. યજ્ઞ પિતા ગાયત્રી માતા

## ૪. ગાયત્રીવિદ્યા ચતુર્થ સેટ

૧. ગાયત્રીનું સ્વરૂપ અને રહસ્ય
૨. ગાયત્રીની ગુપ્ત શક્તિ
૩. ગાયત્રીના શક્તિસ્રોત સવિતા દેવતા
૪. ગાયત્રી શક્તિનું સ્ત્રી સ્વરૂપ
૫. ગાયત્રીની અસંખ્ય શક્તિઓ
૬. ગાયત્રી અને તેની પ્રાણ પ્રક્રિયા
૭. ગાયત્રીની સિદ્ધિઓ
૮. ગાયત્રી અને યજ્ઞોપવીત
૯. ગાયત્રી અને યજ્ઞનો સંબંધ
૧૦. ગાયત્રીની સરળ સાધના
૧૧. ગાયત્રી પંચમુખી એકમુખી
૧૨. ગાયત્રી પંચવિધિ દૈનિક સાધના
૧૩. ગાયત્રી વિશેષ સાધના
૧૪. ગાયત્રી મંત્રની અદ્ભુત શક્તિ
૧૫. અથ ગાયત્રી સહસ્રનામ

## ૫. અધ્યાત્મ તથા આત્મચિંતન-વિષયક પુસ્તકો

૧. અધ્યાત્મવિદ્યાનું પ્રવેશદ્વાર
૨. બ્રહ્મવિદ્યાનું રહસ્યોદ્ઘાટન
૩. અધ્યાત્મ શું હતું ? શું થઈ ગયું અને શું હોવું જોઈએ ?
૪. ઈશ્વર કોણ છે, ક્યાં છે, કેવો છે ?

## ૬. વૈજ્ઞાનિક અધ્યાત્મ સાહિત્ય સેટ

૧. આત્મશક્તિથી યુગ શક્તિનો ઉદ્ભવ
૨. નરમાંથી નારાયણ બનવાનો પ્રગતિ પથ
૩. કામતત્ત્વનું જ્ઞાન વિજ્ઞાન
૪. સઘળી સમસ્યાઓનો ઉકેલ-અધ્યાત્મ
૫. ભૂત કેવાં છે ? શું કરે છે ?
૬. વિજ્ઞાનને શેતાન ન બનાવો
૭. શબ્દબ્રહ્મ નાદબ્રહ્મ
૮. ચમત્કારોથી ભરેલી આ દુનિયા અને તેનાં વણઉકેલ્યાં રહસ્યો
૯. વિરાટ બ્રહ્મનું ઝરૂખામાંથી દર્શન
૧૦. કણકણમાં છે ભગવાન
૧૧. ધર્મ અને વિજ્ઞાન પૂરક છે
૧૨. પ્રત્યક્ષથી પણ વધારે શક્તિશાળી પરોક્ષ
૧૩. ધર્મ શું અફીણની ગોળી છે ?
૧૪. અન્તરાલની સંપત્તિ શોધી કાઢવાનો આ જ સમય છે
૧૫. આત્મવિજ્ઞાન
૧૬. અધ્યાત્મ અને વિજ્ઞાન

## ૭. ઉપાસના-સાધના સાહિત્ય સેટ

૧. ઉપાસનાનું તત્ત્વદર્શન અને સ્વરૂપ
૨. ઉપાસના જીવનની અનિવાર્ય જરૂરિયાત
૩. દૈવી સમ્પદાયેં
૪. જીવન દેવતાની સાધના-આરાધના
૫. ગાયત્રી કામધેનુ છે.

૭. ધનવાન બનવાનું ગુપ્ત રહસ્ય
૮. પ્રસિદ્ધિ અને સમૃદ્ધિ
૯. જીવન કેમ જીવવું ?
૧૦. સમૃદ્ધિ અને શાંતિનો એક જ આધાર
૧૧. આગળ વધવાની તૈયારી
૧૨. માનવજીવન એક અમૂલ્ય ભેટ
૧૩. યુગ ઋષિનું અધ્યાત્મ યુગ ઋષિની વાણીમાં
૧૪. નવો સંસાર વસાવીશું, નવા મનુષ્ય બનાવીશું
૧૫. મનઃસ્થિતિ બદલો તો પરિસ્થિતિ બદલાશે
૧૬. આત્મવિકાસનો રાજમાર્ગ
૧૭. યુગયજ્ઞ વિધાન
૧૮. આકૃતિ જોઈને મનુષ્યની ઓળખ
૧૯. જીવન જીવવાની કળા

## ૯. બાળનિર્માણ સાહિત્ય સેટ

બાળનિર્માણની વાર્તાઓ

૧. ભાગ-૧
૨. ભાગ-૨
૩. ભાગ-૩
૪. ભાગ-૪
૫. ભાગ-૫
૬. ભાગ-૬
૭. ભાગ-૭
૮. ભાગ-૮
૯. ભાગ-૯
૧૦. ભાગ-૧૦

૧૩. માનવીય ચેતનાનું શુદ્ધીકરણ
૧૪. મૂઢ માન્યતાની ભૂલભુલામણીમાં ભટકશો નહીં
૧૫. પ્રગતિ અને સમૃદ્ધિનો રાજમાર્ગ
૧૬. જાદુગરી કે છેતરપિંડી
૧૭. માતૃવાણી

## ૧૧. સમાજ-નિર્માણ સાહિત્ય સેટ

૧. આપણા મહાન વારસદારો
૨. બ્રાહ્મણ જાગે સાધુ ચેતે
૩. મહાકાલ અને યુગ પરિવર્તન પ્રક્રિયા
૪. અંધવિશ્વાસથી લાભ કશો નથી, હાનિ અપાર છે
૫. બ્રહ્મવર્ચસ પંચાગ્નિની વિદ્યા
૬. વશીકરણની સાચી સિદ્ધિ
૭. સત્‌યુગનું પુનરાગમન
૮. મોટા નહીં મહાન બનો
૯. આનંદ અને ઉલ્લાસભર્યું જીવન
૧૦. પર્વ આયોજનો દ્વારા લોકશિક્ષણ
૧૧. સદ્‌વિચાર, સત્‌કાર્ય તેમજ સાહસની સત્ય ઘટનાઓ-૧
૧૨. સદ્‌વિચાર, સત્‌કાર્ય તેમજ સાહસની સત્ય ઘટનાઓ-૨

## ૧૨. યુગ નિર્માણ સાહિત્ય

૧. યુગ પરિવર્તન કેમ અને શા માટે ?
૨. સ્વાધ્યાય, સત્સંગ, ચિંતન અને મનન
૩. પ્રજ્ઞાવતારની વિસ્તાર-પ્રક્રિયા

# નવા પ્રકાશન

૧. પ્રેમયોગ
૨. પ્રેમ પ્રભુનું ધામ
૩. પ્રેમ વિના જગ સૂનું
૪. ગરીબી ભગાડો ગૌરવ વધારો
૫. કસોટી
૬. વસતિ વધારો - એક પડકાર
૭. ક્રાંતિની રૂપરેખા
૮. લગ્નજીવનનો અલૌકિક આનંદ
૯. વંદનીય માતાજીનાં પ્રવચનો
૧૦. નારી ઉત્થાનનો નવયુગ
૧૧. પ્રબંધ વ્યવસ્થા, એક સામર્થ્ય, એક કુશળતા
૧૨. લગ્નના આદર્શો અને સિદ્ધાંતો
૧૩. જયતિ જય ગૌ માતા
૧૪. પાપનાશક ગાયત્રી
૧૫. આસ્તિકવાદ : તથ્ય તેમજ સત્ય
૧૬. આંતરિક ઉર્જા જાગરણ સત્ર
૧૭. સભ્યતાનો શુભારંભ
૧૮. સર્જનહારનો પરમ પ્રસાદ : પ્રખર પ્રજ્ઞા
૧૯. સૌના માટે સરળ ઉપાસના-સાધના
૨૦. પ્રજ્ઞા પુરાણ કથામૃતમ્
૨૧. ઋષિચિંતનના સાન્નિધ્યમાં